
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૧૮ અંક: ૧૦ ઓક્ટોબર ૨૦૧૬ સળંગ અંક : ૫૪૦

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते।

Charutar Vidya Mandal
Vallabh Vidyanagar






વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑક્ટોબર ૨૦૧૬

વર્ષ: ૧૮ અંક: ૧૦

સળંગ અંક: ૫૪૦

ISSN 0976-9609-V Vidyanagar

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ

૧૯૪૫

કર્મણ્યેવાઽધિકારસ્તે



તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

રમેશ એમ. ત્રિવેદી • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

આર.પી. પટેલ

સંપાદન-સહાય

ગિરીશ ચૌધરી • અનિતા એ. સાળુંકે

પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

આણંદ પ્રેસ, ગામડી- આણંદ

અધ્યક્ષ

ડૉ. સી.એલ. પટેલ

માનદ મંત્રી

ડૉ.એસ.જી. પટેલ

માનદ સહમંત્રીઓ

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

## વિ-વિદ્યાનગર
## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
**ઑક્ટોબર ૨૦૧૬**
વર્ષ: ૧૮ અંક: ૧૦
સળંગ અંક: ૫૪૦
**ISSN 0976-9609-V Vidyanagar**


• • •

**अभयं मित्रादभयममित्रादभयं**
**ज्ञातादभयं परो यः।**
**अभयं नक्तमभयं दिवा नः**
**सर्वा आशा मम मित्रं भवतु ॥**

અમે મિત્રોથી કે દુશ્મનોથી, જ્ઞાતથી કે અજ્ઞાતથી, દિવસથી કે રાતથી ભય ન અનુભવીએ, સર્વ દિશાઓ અમારી સાથી બનો.

(અથર્વવેદ ૧૯, ૧૫:૬)

• • •


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ સ્વામીનો સમાગમ અને સ્વામીના આશીર્વાદ • ડૉ.સી.એલ.પટેલ / 3
॥ પ્રાથમ્ય ॥ સ્વાધ્યાય પદ્ધતિ • હરભાઇ ત્રિવેદી / 7
॥ આપણો વૈભવ અને વારસો (પદ્ય વિભાગ) ॥ • જુગતરામ દવે, બાલમુકુન્દ દવે / 9
॥ આપણો વૈભવ અને વારસો (ગદ્ય વિભાગ) ॥ ત્યારે કરીશું શું • સુરેશ હ. જોષી / 10
॥ નવાં કાવ્યો ॥ • જોલી વૈષ્ણવ, કાજલ એચ. જોશી, ગૌતમ વકાણી, રાજેન્દ્ર જાડેજા / 11
॥ અભિનંદન ॥ • કનુ પટેલ / 12
॥ અનુવાદ ॥ જાદુગરનો બદલો • સુરેશ ગઢવી / 13
॥ હાસ્યનિબંધ ॥ ફૂલ ગયું ને ફોરમ રહી • હરીશ મહુવાકર / 15
॥ અભ્યાસ ॥ મહાભારતના ધર્મરાજા યુધિષ્ઠિરનો સમય • ચંદ્રકાન્ત પટેલ ‘સરલ’ / 18
॥ મુલાકાત ॥ પત્રકારત્વ વિકાસલક્ષી અને પત્રકારો સંવેદનશીલ બને તે આવશ્યક છે.• સંજય કચોટ / 21
॥ શબ્દાંજલિ ॥ મહત્તમ મિનીંગફુલ નામ- ‘મહાશ્વેતા દેવી’ • મનોજ માહ્યાવંશી / 23
॥ સાંપ્રત ॥ તરુણાવસ્થા અને સબસ્ટેન્સ એબ્યુઝ • શારદા જોષી / 25
॥ લઘુકથા ॥ જોગર્સ પાર્ક • સોનલ ઠાકર / 26
॥ ચિંતન ॥ પુસ્તકાલયઃ મારા વાંચકોને કોઇ શોધી આપશો? • શ્વેતા શરદકુમાર ચૌહાણ / 27
॥ વિદ્યાવૃત્ત ॥ / 14, 28, 29


વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઇકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ ‘વલ્લભ વિદ્યાનગર’ પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે ‘વિદ્યાનગર’ નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે ‘વિ-વિદ્યાનગર’ એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

**‘વિ-વિદ્યાનગર’ ચારુતર વિદ્યામંડળની વેબસાઇટ**

**www.ecvm.net**

**પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**આ માસની વિચારકણિકા**

માણસની શક્તિને પ્રદીપ્ત કરનાર બે તત્ત્વો છે. એક, લક્ષ્ય પ્રત્યે તીવ્ર ઝંખના અને બીજું, સ્પર્ધા.

- સ્વામી સચ્ચિદાનંદ

# સ્વામીનો સમાગમ અને સ્વામીના આશીર્વાદ

## ડૉ. સી.એલ. પટેલ

૧૯૮૮-૯૯ ના અરસામાં હું ચારુતર વિદ્યામંડળમાં જોડાયો હતો. ૧૯૯૧માં કેટલાંક એવા પ્રસંગો બન્યા તેથી મેં ચારુતર વિદ્યામંડળ છોડવાનો નિર્ણય કર્યો. ત્યાર પછી ત્રણેક મહિનામાં સરદાર પટેલ યુનિવર્સિટીની સિન્ડિકેટની ચૂંટણી હતી. શ્રી શનુભાઇ પટેલ બી.જે.વી.એમ. કોલેજના પ્રિન્સિપાલ હતા તથા ડૉ.એચ.કે.પટેલ, વી.પી. સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ હતા. ધર્મજના નિકેશભાઇએ મારી પાસે આવીને જણાવેલ કે તમે ચારુતર વિદ્યામંડળના હિતેચ્છુ છો એટલે અમે તમને વિનંતી કરવા આવ્યા છીએ કે અમે બધા તમારી સાથે પેનલમાં ચૂંટણી લડવા માંગીએ છીએ તો તમે અમને સહકાર આપો. હું તેમની સાથે સહમત થયો અને આખી પેનલને વિજયી બનાવી. થોડા વખત બાદ ડો.એચ.એમ.પટેલ સાહેબ (ચેરમેન, ચારુતર વિદ્યામંડળ) બીમાર થયા અને ઘણા દિવસો સુધી હોસ્પિટલમાં સારવાર લીધી છતાં પણ બેભાન અવસ્થામાં જ મૃત્યુ પામ્યા. તેમના દેહાંત પછી ચારુતર વિદ્યામંડળમાં પરિસ્થિતિ એટલે દરજ્જે ખરાબ થઇ કે કોઇ જવાબદારી લેવા તૈયાર ન હતું.

૧૯૯૪ ની શરૂઆતમાં આણંદના કોઠારી શ્રી ભગવતચરણ સ્વામીએ પ્રમુખ સ્વામી મહારાજને વાત કરી કે આ પદ માટે કોઇ આજ્ઞા કરો. શરૂઆતમાં ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખ તરીકે જયોતિ લિમિટેડના શ્રી નાનુભાઇ અમીનને આ જવાબદારી સંભાળવાની શરૂ કરી. જેઓ ઉદ્યોગપતિ હોઇ, તેમને બીજી ઘણી જવાબદારીઓ હોવાથી તેઓ કાયમ માટે જવાબદારી સંભાળવા તૈયાર ન હતા. જેથી કરીને છેલ્લા પ્રયાસ તરીકે સભાસદો દ્વારા ચૂંટણી કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો.

પ્રમુખસ્વામી મહારાજ આ સમયે બહાર હતા, ત્યાંથી તેઓશ્રીએ શ્રી ભગવતચરણ સ્વામી દ્વારા ફોન કરીને મારો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો. હું ઘેરથી એ.પી.સી.ના ફોનનો રીપ્લાય કરવા પહોંચ્યો. પૂ. સ્વામી બાપાએ મને ખૂબ જ આગ્રહ કર્યો કે ચારુતર વિદ્યામંડળ શૈક્ષણિક સંસ્થા છે અને એને ચલાવવા માટે તમે સેવા આપો.

ત્યાર પછી થોડા વખતમાં ચારુતર વિદ્યામંડળના ચૅરમેનની ચૂંટણી થવાની હતી અને તેમાં મારા ઉપરાંત ચાર ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. સ્વામી બાપાએ મને આશીર્વાદ આપીને આગ્રહ કર્યો કે ચૂંટણી માટે તમારે ઉમેદવારી નોંધાવવાની જ છે. પ્રમુખ સ્વામી મહારાજે ભગવતચરણ સ્વામીને આજ્ઞા કરી કે સી.એલ. પટેલનું મહારાજને યાદ કરીને ઉમેદવારીનું ફોર્મ ભરો. ચાર ઉમેદવારો જે હતા તેમાં સારસાના ડૉ. સુમનભાઇ પટેલે પહેલું ઉમેદવારીમાંથી નામ પાછું ખેંચ્યું. ત્યારબાદ ડૉ. જી.જે.પટેલ ખેતીવાડીના પ્રોફેસર કે જે ચારુતર વિદ્યામંડળમાં જ સેક્રેટરી હતા તેમણે પણ ઉમેદવારી પાછી ખેંચી. તે જ રીતે ધર્મજના રશ્મિભાઇએ પણ પોતાનું નામ પાછું ખેંચી લીધું. છેલ્લે શ્રી આનંદભાઇ અમીન અને મારી વચ્ચે ચૂંટણી થશે એમ લાગ્યું, પણ સમાજનો ખૂબ જ મોટો ટેકો જોઇને તેઓ ચૂંટણીમાંથી હટી ગયા. આથી હું ચૂંટણીમાં ઘણી મોટી બહુમતીથી ચૂંટાયો. શ્રી સ્વામીબાપાના

આશીર્વાદ જ મુખ્ય બાબત મારી જીત માટે હતા.

ચૂંટણી બાદ હું ભગવતચરણ સ્વામી, સાધુજીવન સ્વામી અને શનુભાઇ અમે બધા સ્વામીના દર્શન અને આશીર્વાદ માટે સાળંગપુર ગયા. સ્વામીબાપાએ સાળંગપુર મંદિરમાં દર્શન કરાવી, આશીર્વાદ આપીને સ્મૃતિ મંદિરમાં લગભગ છ ફૂટ લાંબો ગુલાબનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા કે સી.એલ. પટેલ કોઇ ચિંતા કરવાની જરૂર નથી, તમારી સાથે શાસ્ત્રીજી મહારાજ છે અને તમારા બધા સંકલ્પો પૂરા થશે. શાસ્ત્રીજી મહારાજની યાદ એટલા માટે કરવાની જરૂર છે કે ૧૯૪૬ માં પૂ. ભાઇકાકા અને પૂ. ભીખાભાઇ સાહેબે વેરાન ખાડા-ટેકરાવાળી જમીન પર કોઇપણ સગવડ વગર તા.૩-૩-૧૯૪૬ ના દિવસે રહેઠાણ શરૂ કર્યું, એ વખતે કોઇએ સલાહ આપી કે બી.એ.પી.એસ.ના સ્થાપક ગુરુ શાસ્ત્રીજી મહારાજ આણંદમાં છે, પછી ખબર પડી કે તેમની સાથે પ્રમુખસ્વામી પણ હતા.

શાસ્ત્રીજી મહારાજે તબિયત નાદુરસ્ત હોવા છતાં તેમણે વેરાન જમીન ઉપર આવીને ફૂલ પધરાવ્યાં અને ભાઇકાકાને કહ્યું કે અહીં વિદ્યાનું મોટું ધામ થશે અને ભગવાન સદા તમારી સાથે રહેશે. કારણ કે ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે શકય હોય ત્યાં શાળા બંધાવો અને જ્ઞાનનું સંવર્ધન કરો.

ભાઇકાકાએ ચરણસ્પર્શ કરી એમને કહ્યું કે સ્વામીજી તમે બીમાર છો છતાં પણ અહીં પધારી જે આશીર્વાદ આપ્યા તેની અમે આનંદપૂર્વક નોંધ લઇએ છીએ. શાસ્ત્રીજી મહારાજે પ્રત્યુત્તર આપ્યો કે ભગવાને અમને આ માટે જ પૃથ્વી પર મોકલ્યા છે. આ આશીર્વાદ બાદ, ભાઇકાકા, ભીખાભાઇ અને ડૉ.એચ.એમ.પટેલે એમની જવાબદારી સંપૂર્ણપણે નિભાવી અને આયોજનબદ્ધ નગરને વિકસાવ્યું.

૧૯૯૪ માં શિક્ષણક્ષેત્રનો મને ઝાઝો અનુભવ નહોતો. પૂ. સ્વામીબાપાના આશીર્વાદથી હું નવું શીખતો ગયો અને જુદા જુદા કાર્યોની માહિતી મેળવતો ગયો અને કામમાં ગ્રીપ આવવા માંડી. બધા શિક્ષકો, પ્રાધ્યાપકો, આચાર્યો સૌ સ્વામીના આશીર્વાદથી ખૂબ જ ખંતથી કામ કરતાં હતાં. ૫૦ વર્ષ થયે ચારુતર વિદ્યામંડળની ઉજવણી પ્રસંગ માટે પૂરતાં નાણાં હતાં નહીં પરંતુ દરેક વ્યકિત આ કાર્ય પોતાનું ખુદનું હોય તેમ સમજી લાગી પડ્યા. પ. પૂ. પાડુરંગ શાસ્ત્રીએ અમારું આમંત્રણ સ્વીકારી એમણે સલાહ આપી કે વિદ્યાનગર શિક્ષણનું પવિત્ર ધામ છે. અને જેમના અહીં સુયોગ્ય દાન હશે તે ધન્ય થશે. બીજું કહ્યું કે હું કોઇની પાસે કશું માંગતો નથી છતાં, અહીંના સારસ્વતો પાસે માગું છું કે તમે એવા જાગૃત નાગરિક તૈયાર કરો, જે દેશને જ નહીં પણ આખી દુનિયાને ઉપયોગી બને.

શરૂઆતમાં મને ખાસ લોકો ઓળખતા નહોતા. પણ સ્વામીના આશીર્વાદથી સભાસદો, કમિટીના સભ્યો, દાતાઓ વગેરેનો ખૂબ સાથ-સહકાર પ્રાપ્ત થયો. મારે આ વખતે ખાસ નોંધ લેવી જોઇએ કે કોઇપણ સારા વિચારો માટે explosure જોઇએ અને એ શક્ય બન્યું કારણ કે મારા દીકરા-દીકરીઓ યુ.એસ.એ. માં રહેતા હોવાથી અવારનવાર હું જઉં ત્યારે હું ત્યાંથી કોઇને કોઇ નવા કોર્ષની માહિતી મેળવતો અને નવી સંસ્થા સ્થાપવાનું વિચારતો. તેની સાથે

બીજી ઈજનેરી કૉલેજ કરવાનો સંકલ્પ કર્યો. યુ.એસ.એ. ના દાતાએ બે કરોડ રૂપિયા દાન આપવાનું નકકી કરેલ પણ કોઈની ભંભેરણીથી દાન આપવાનું માંડી વાળ્યું.

ચારુતર વિદ્યામંડળ પાસે આ માટે કોઈ નાણાં હતાં નહીં, તેથી જ્યાંથી પૈસા મળે ત્યાંથી લઈને કામ શરૂ કરીને પૂર્ણ કર્યું. આજે આ સંસ્થા દેશભરની ઈજનેરી શિક્ષણ કરાવતી સંસ્થામાં ૪૨મા નંબરે છે અને પરિણામ પણ ખૂબ સારું આવે છે. વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ કરવા માટે આ કોલેજની પસંદગી માટે અગ્રિમતા આપે છે. અહીં એ પણ નોંધવું જોઈએ કે સેલ્ફ-ફાઈનાન્સનો કોન્સેપ્ટ કરવાની પહેલ અમે કરી. એક વખતે વિચાર આવ્યો કે મોટી ફી ભરવા કરતાં સમાજના સામાન્ય લોકો કુશળ કારીગરી દ્વારા રોજગારી કમાય એ માટે આઈટીઆઈ શરૂ કરવી. શ્રી ચીમનભાઈ, ભાઈકાકાને દોષિત ઠેરવતો નથી પણ આભાર માનું છું. મેં તેમને પત્ર લખીને પોલ ફેકટરીમાં કૉલેજ માટે જમીન ફાળવવા વિનંતી કરી. જેનો એવો જવાબ મળ્યો કે આવી રીતે જમીન આપીને અમારે ચરોતર ગ્રામોદ્ધાર મંડળનું ઉઠમણું નથી કરવાનું, આથી નવી જમીન લેવી જરૂરી બની. એ વખતે આણંદના મારા મિત્ર શ્રી રાવજીભાઈ વાઘજીભાઈ પટેલ કે જેમણે જી.આઈ.ડી.સી.ની પાછળ લગભગ ૫૦૦ ગુંઠા જમીન લીધી હતી તેમનું અવસાન થતાં તેમનો પુત્ર મુશ્કેલીમાં મૂકાયો. આ જમીન અમોએ પડતર કિંમત આપીને બક્ષિશ દસ્તાવેજ કરી લીધો અને ત્યાં ઈન્ડસ્ટ્રિયલ ટ્રેઈનીંગ ઈન્સ્ટિટ્યૂટ (આઈટીઆઈ) ૧૯૯૯ માં શરૂ કરી, જે આજે પણ સારી રીતે ચાલે છે અને સરકાર એને અનુદાન આપે છે.

પછીથી બીજી બધી સંસ્થાઓ ઊભી કરવાના વિચાર આવ્યા. જમીન ખરીદવા, મકાનો બાંધવા અને સાધનો વસાવવા પૈસાની જરૂર પડે એ માટે મારી જવાબદારી પર રૂા.૪૦ કરોડની લોન લીધી કે જેની સામે કોઈ બાંહેધરી આપી નહોતી. જેમાં તે વખતના બ્રાન્ચ મેનેજર શ્રી પી.જી.પટેલનો સહકાર મળ્યો હતો ત્યાર પછી ઘણી બધી સંસ્થાઓ સ્થાપી તે નીચે મુજબ છે જે આજે કાર્યરત છે. ૨૨ સંસ્થાઓમાંથી ૫૦ સંસ્થાઓ સ્થપાઈ ચૂકી છે. પહેલે દિવસે પ્રમુખ સ્વામીએ આશીર્વાદ આપેલા. આ પવિત્ર ભૂમિ પર શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજ, શ્રી પ્રમુખસ્વામી મહારાજ અને શ્રી મહંત સ્વામીના આશીર્વાદ વરસતા રહે એવી પ્રાર્થના. અહીં અભ્યાસ કરનાર વિદ્યાર્થી પોતાના જીવનમાં પ્રગતિ કરે, કર્મચારીઓ સુખ શાંતિ પામે એવી અભ્યર્થના.

૧. ચિમનભાઈ એમ.યુ.પટેલ ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનીંગ સેન્ટર (આઈ.ટી.સી.)
૨. એ.ડી.પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી
૩. ઈન્દુકાકા ઈપ્કોવાળા કોલેજ ઓફ ફાર્મસી
૪. અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ટીગ્રેટેડ સ્ટડી એન્ડ રિસર્ચ ઈન બાયોટેકનોલોજી એન્ડ એલાઈડ સાયન્સીસ
૫. ગોવિંદભાઈ જોરાભાઈ પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિચર્સ
૬. સૂરજબેન ગોવિંદભાઈ પટેલ આયુર્વેદ હોસ્પિટલ એન્ડ મેટરનિટી હોમ
૭. સી.ઝેડ પટેલ કોલેજ ઓફ બિઝનેશ એન્ડ મેનેજમેન્ટ
૮. મધુબેન એન્ડ ભાનુભાઈ પટેલ વીમેન ઈન્સ્ટિટયૂટ ઓફ એન્જિનિયરીંગ ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઈન કોમ્પ્યુટર એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર

એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી ફોર વીમેન)

૯. શાંતાબેન મનુભાઇ પટેલ સ્કૂલ ઓફ સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ ઇન આર્કિટેકચર ઍન્ડ ઇન્ટીરીયર ડીઝાઇન

૧૦. આર.એન.પટેલ ઇપ્કોવાલા સ્કુલ ઑફ લૉ એન્ડ જસ્ટિસ

૧૧. સીએલપટેલ ઇન્સ્ટિટયૂટ ઓફ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઇન રીન્યુએબલ એનર્જી

ન્યુ વિદ્યાનગરમાં દરેક સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે રહેવા જમવાની સગવડ તથા રમતગમતના મેદાન, કર્મચારીઓના રહેઠાણો, આ જ અરસામાં વલ્લભ વિદ્યાનગરમાં જે જે સંસ્થાઓ ટેમ્પરરી મકાનોમાં ચાલુ કરવામાં આવેલી તે બધી સંસ્થાઓને જરૂરત પ્રમાણે મકાનોનું નવીનીકરણ કરવામાં આવ્યું. જેમાં,

૧૨. સીવીએમ કોલેજ ઓફ ફાઇન આર્ટ્સ અને નવું નામ ઇપ્કોવાલા સંતરામ કોલેજ ઓફ ફાઇન આર્ટ્સ

૧૩. રમા-મનુભાઇ દેસાઇ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ મુખ્ય હતાં.

૧૪. સરદાર ગંજ મર્કન્ટાઇલ કો.ઓ. બેંક.લી. (આણંદ) ઇંગ્લિશ મીડિયમ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ

૧૫. એન.વી.પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ

૧૬. સોફિસ્ટીકેટેડ ઇન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટર ફોર એપ્લાઇડ રિસર્ચ એન્ડ ટેસ્ટીંગ

૧૭. વાસંતીબેન એન્ડ ચંદુભાઇ પટેલ ઇંગ્લિશ સ્કૂલ

૧૮. શાપુરજીભાઇ આઇ પટેલ સેન્ટર ઓફ લર્નીંગ

૧૯. શારદાબેન સી.એલ. પટેલ વિમેન્સ આઇટીસી

૨૦. કે.એમ.પટેલ આઇટીસી ફોર એન્જિનિયરીંગ ટ્રેડ

૨૧. વેમેડ કોલેજ ઓફ એજ્યુકેશન

૨૨. સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઇફ એન્ડ વર્કર્સ ઓફ સરદાર વલ્લભભાઇ પટેલ(સેરલિપ)

૨૩. ઇન્સ્ટિટયૂટ ઓફ લેંગ્વેજ સ્ટડીઝ એન્ડ એપ્લાઇડ સોશિયલ સાયંસીસ (ઇલસાસ)

૨૪. આર.એન.પટેલ ઇપ્કોવાલા સ્કૂલ ઓફ લો એન્ડ જસ્ટિસ.

તેમજ બીજી જરૂરિયાતવાળી સંસ્થાઓ સ્થાપવામાં આવી દરેક સંસ્થાને અલગ પુસ્તકાલય અને વાંચનાલય અને એ માટે જરૂરી નાણાં ઊભા કરી તથા બેંકમાંથી લીધેલા નાણાં પણ પરત કરવામાં આવ્યા.

આમ ચારુતર વિદ્યામંડળ દ્વારા સંસ્થાપિત સંસ્થાઓનો આંકડો ૫૦ સુધી પહોંચ્યો. આજે પણ જરૂરી ઇંટો અહીં જ બને છે. ખાસ નોંધનીય બાબત એ છે કે ફલાયએસ તથા બીજા વેસ્ટ પ્રોડકટમાંથી બાંધકામની ઇંટો ચારુતર વિદ્યામંડળે પોતે જે તૈયાર કરી હતી. મોટા ભાગનું તૂટેલું ફર્નિચર વ્યવસ્થિત આયોજન કરીને તેમાંથી જરૂરી ફર્નિચર તૈયાર કરવામાં આવ્યું. આમ અહીં મારા શ્રદ્ધાના આશરે હું એ બાબતની નોંધ લઉં છું કે પ.પૂ. બ્રહ્મસ્વરુપ પ્રમુખસ્વામીજીના આશીર્વાદથી જ આ શકય બન્યું. અહીં મારા સાથીદાર મંત્રીઓના સહકારની સવિશેષ નોંધ લઉં છું.

## સ્વાધ્યાય પદ્ધતિ

**હરભાઇ ત્રિવેદી**

સ્વાધ્યાય પદ્ધતિમાં પ્રધાનપણે બાળકનું સ્વાતંત્ર્ય સ્વીકારાય છે. આપણને સ્વતંત્રતા મળે તે ગમતું હોય તો તેવી જ સ્વતંત્રતા બાળકને મળવી જોઇએ.

બીજી વાત એ પદ્ધતિમાં છે જવાબદારીની. બાળક જવાબદાર હોઇ શકે જ નહીં એવું માનવામાં આવે છે એ ભૂલવું જોઇએ.

ત્રીજી વાત બાળકની કેળવણી હરીફાઇના તત્ત્વ ઉપર ન રચાવી જોઇએ. સ્વાધ્યાય પદ્ધતિમાં બાળક કોઇની હરીફાઇ નથી કરતું પણ બાળક સહકારથી કામ કરે છે. પોતાને ગમે અને રસ આવે એ વિષયમાં એ પ્રગતિ કરી શકે છે.

ચોથી વાત સહકારની છે. તેવો સહકાર શિક્ષકનો હોય, પુસ્તકનો હોય અને સાધનનો પણ હોય.

પાંચમી વાત સમયપત્રકની છે. સમયપત્રકનું બંધન સ્વાધ્યાય પદ્ધતિમાં ચાલી શકે નહીં. અભ્યાસક્રમના ખ્યાલ વિના પણ વ્યવસ્થિત રીતે કામ ચાલે. બાળકો ભેગા થાય, ઠીક પડે તે ઓરડામાં તે ભણવા જાય. આ જાતની ગોઠવણ એમાં હોય છે.

બુદ્ધિના વિષયોનું ભણતર એ જ ખરું ભણતર છે એ વાત આપણે ભૂલવી પડશે. ધીમે ધીમે આપણે નવી દિશા તરફ જવું પડશે. બુદ્ધિનું ભણતર ન ભણે તે લોકો ખોટા એ ખ્યાલ આપણે ટાળવો જોઇએ.

પોતાના શોખના વિષયમાં તે નિષ્ણાત થાય. બીજા વિષયોમાં તે ભલે સામાન્ય રહે.

આવું થતું હોય પછી બંધન, મર્યાદા વિના શિસ્તનું શું થાય? એ પ્રશ્ન તમને ઊઠયા વિના નહીં રહે.

આજે વર્ગમાં તમે દશ મિનિટ મોડા જશો ત્યારે તમને કેટલી શિસ્તભંગની વાતો જોવાની મળે છે ? આ માટે તમે બાળકોને દોષિત ગણો છો.

શિસ્તના આ ખ્યાલો નવેસરથી વિચારવા પડશે.

સમજણપૂર્વક હાથ ધરેલ વિષય બાળકો શિસ્તપૂર્વક તૈયાર કરશે. તમે શિસ્તના આગ્રહી હશો તે કરતાં હજારગણું વધારે આગ્રહી બાળક હોય છે એ ન ભૂલશો. આ વાત આપણે કેમ સ્વીકારીએ? છતાં સ્વીકારવી પડશે. કેમ કે અનુભવીઓ કહે તે આપણે સ્વીકારવું પડે- હા, સ્વાનુભવની કસોટી ઉપર ચડવાની શરતે.

પછી અનુભવ લઇને જો ખોટું હોય તો મારી પાસે આવજો પણ અત્યારે તો કબૂલ કરી લ્યો કે આપણા કરતાં હજારગણી શિસ્ત પાળવાનું બાળકને ગમે છે.

સાચી રીતે આપણે કોઇ જ સાચી શિસ્ત પાળતા નથી. એ આપણો સૌનો અનુભવ છે. તમને ત્રણ કલાક સ્વાધ્યાય આપ્યો હોય તો એક જ આસને બેસી નહીં શકો. આવું બધું જો આપણે મોટા લોકો કરતા હોઇએ ત્યારે નાનું એવું બાળક બિચારુ ગુનેગાર શાનું?

બાળક માટેની શિસ્ત આપણે ઊભી કરી હોય છે. સ્વાધ્યાય પદ્ધતિમાં શિક્ષણ મટી જાય છે અને અભ્યાસ શરૂ થાય છે. આ વસ્તુ જ સાચી અને ચિરસ્થાયી છે.

એક પુસ્તક હાથમાં લઇને વાંચો, ચર્ચા કરો, નોંધ લ્યો, એ વસ્તુ જ ખરો અભ્યાસ છે.

એક દાખલો આપું:

૧૫ છોકરાંઓ ભણવા આવે તેમાં ૪ પાસ થાય. એટલે પરિણામ ૩૫ ટકા. આ શિક્ષણનો કેટલો મોટો બગાડ ગણાય? આપણા દેશમાં આ ચાલે છે કારણ કે શિક્ષણ, શિક્ષણ મટીને ભણતર બન્યું નથી.

છોકરાંને તમે ભણાવો તેના કરતાં છોકરાં પોતે ભણતાં શીખે એવું કરો એ ઓછું મહત્ત્વનું કાર્ય નથી. આમ બને તો કેળવણી દ્વારા આપણે ઘણું કરી શકીએ.

શિસ્તબદ્ધ રીતે બાળક પોતાનો અભ્યાસ જરૂર કરવાનું છે એમાં જરાએ શંકાની વાત નથી. આ વાત ગલત નથી. પદ્ધતિ ઉત્તમ છે પણ આ વ્યવહારમાં ઉતારવું જોઇએ. હવે જવાબદારી આપવી એટલે શું ? તે સમજવા જેવું છે.

સ્વતંત્રતા આપવાની સાથે કામ આપો. અને પછી તેમાંથી કેટલું ઊગ્યું તે તપાસીને જુઓ તો જ આપેલ જવાબદારી કે સ્વતંત્રતાનો ઉપયોગ થશે. બાળકને માત્ર સ્વતંત્રતા આપ્યાથી પરિણામ મળતું નથી. સ્વતંત્રતા અને જવાબદારી માત્ર બૌદ્ધિક વિષયની જ ન હોય- એમાં જીવનની-સર્વોદયની બધી વાતો હોય. આજે શિક્ષણની કલ્પના માત્ર બુદ્ધિના વિષયની જ વાત છે. ઉદ્યોગનીયે નથી. શાળા જેટલી તમારી છે તેટલી બાળકની બનાવી દો. શાળા સૌની બનાવવી જોઇએ. શાળાની સાફસૂફી પણ સૌ કરે. શાળાનો બધો ઉપયોગ આપણા પોતાના અંગભૂત એકમ તરીકે થવો જોઇએ અને તે પણ બાળકોની સાથે.

મારો એક અનુભવ કહું-

એક શાળાનું મકાન જર્જરિત થયેલું. એક ઓરડામાં ચાર ખાડા-દીવાલમાં બધીમાં ખાડા-પ્લાસ્ટર તૂટી ગયેલું. મકાન ઉપર અગાશી ન હતી. નળિયાં તૂટેલાં હતાં. શિક્ષકને આનું કારણ પૂછ્યું ત્યારે પોતાનાથી કંઇ એમાં થઇ શકે એવી વાત કરી તેથી મેં માબાપો સમક્ષ વાત કરી કે દિવસનો સારામાં સારો સમય બાળક તે શાળામાં બેસે છે.

એ મકાન બાળકને માટે કેવું સારું હોવું જોઈએ? તમારા ઘરના મકાનનો ઉપયોગ તો બાળક કરતું નથી.-શાળાનું જ મકાન બાળક આખો સમય વાપરે છે. એ મકાન બાળકની રુચિને અનુરૂપ ન હોય તો ચાલે જ નહીં.

આવું ન થાય ત્યાં સુધી આપણે બાળકને મુક્ત વાતાવરણમાં ઝાડ નીચે ભણાવવું જોઈએ.

શાળાના મકાનમાં કોઈ શિક્ષક ઘંટ વાગ્યા પછી શાળામાં ઊભા પણ રહેતા નથી કારણ કે તેના તરફ તેમને મમત્વ હોતું નથી. ઘર પ્રત્યે સૌને મમત્વ હોય છે તેવું જ મમત્વ શાળા તરફ સૌને હોવું જોઈએ. શાળાનાં ફર્નિચર જોવા પણ ન ગમે એવાં હોય છે છતાં ચલાવાય છે. અને ત્યાં જ બાળક જીવનનો ઉત્તમ સમય ગાળે છે અને રુચિઅરુચિનો ખ્યાલ ત્યાં જ મેળવે છે.

બાળકનું તમામ જીવન ઘડતર ૧૧ વરસ સુધીમાં જ થાય છે. પછી તો ટપલાં મારવાનું ને રંગરોગાનનું કામ ચાલે છે.

સ્વાધ્યાય બાળકને આપ્યા પછી તેને આપેલ સમય પૂરો થયા પછી તેનો વિકાસ નોંધો. ઓરડા જુદા જુદા ન આપી શકાય તો જુદા જુદા ખૂણા તેમને સોંપો. પછી બાળક કામ કરતું હોય તેની પાસે તમે ફરતા રહો. બાળકો તમને પૂછે તેને જવાબ આપો. વર્ગના વાતાવરણમાં અભ્યાસ સાથે શિસ્તને સંગઠો તો બાળકનો શિસ્તનો પ્રશ્ન ઊડી જાય છે.

બાળકને ન સમજાય તે તમે સમજાવો. ઉપરાંત શિક્ષકને પોતાને સ્વતઃ પ્રેરણા કે ઊર્મિ આવે તો પૂરક બાબતો પણ રજૂ કરે. આ પ્રમાણે આપણે ત્યાં આજે કાંઈ ચાલતું નથી. કવિતાનું ઉદાહરણ લો.

કવિતા ગાઓ અને ગવરાવો. વધારે ને વધારે વાર ગાઓ અને આપમેળે કવિતા સમજાતી જશે. આવું જ બધા સાહિત્યનું છે. તમે સાહિત્ય જેટલી વાર વાંચો તેટલી વાર તમને વધારે ને વધારે સમજાતું જશે.

બીજા વાંચે ને આપણે સાંભળીએ એમાં દિવસ ન વળે. પોતે જ વાંચે ત્યારે જ તેમાંથી ફળ આવે. કેમ કે એમાં તો મન બીજા વિચારો માટે નવરું પણ હોય છે. સાચું ભણતર પોતે વાંચે ત્યારે જ બને. પોતે જ મહેનત કરે અને પોતે જ વાંચે ત્યારે જ પદ્ધતિ સફળ થાય છે. તે પદ્ધતિને સ્વાધ્યાય પદ્ધતિ કહીશું.

રસોઈની વાત કરું તો-તમે પોતે રાંધેલી વસ્તુ તમને ખૂબ ગમે. પછી ભલે તે ખારી હોય છતાં તમને ગમે છે. ત્યારે ભણવાની વાત બાળક પોતે પોતાની મેળે ન કરે? તમે તેને શેના ભણાવી દો? તમે તેને ભણાવી દો એમાં બાળકને ગમે પણ નહીં અને તેમાં તેનો દિવસ પણ ન વળે.

શાળામાં શિક્ષણ, મટીને અભ્યાસ થઈ જવું જોઈએ.

આખા કૂંડાળામાં સમગ્ર થતું કામ જોઈ તેમાં આવતી મુશ્કેલી તમે પાટિયા ઉપર લખતા જાઓ. તમે તમારી જાહેરાત બાળકો પાસે લખીને કરતા જાઓ.

સ્વાધ્યાયથી બાળક પોતાના અભ્યાસક્રમ ઉપરાંત ઘણું વધારે આગળ ગયું હોય છે. બાળકને સ્વાધ્યાય આપવાની સાથે આખું તંત્ર જીવંત હોવું જોઈએ.

કોઈ બાળક સ્વાધ્યાય ફાડી નાંખી દૂર ફેંકી દે કે ગમે તેમ કરે તો તમે ખીજાશો નહીં. ફરી વાર તમે તેને લખી દો અથવા લખાવો. પછી બાળક સ્વાધ્યાય ફેંકી દેતું કે ફાડી નાખતું નથી. તેને તેવું ગમતું નથી. બાળકને વ્યવસ્થાનું કામ તો બહુ જ ગમે છે.

શાળા શણગારની વાત હોય ત્યારે બાળક સુંદર રીતે શણગાર કરે છે કેમ કે તેને તે બહુ ગમે છે. છતાં કોઈ ક્ષતિ થાય તો તમે તેને વઢો નહીં તો બાળક કોઈ દિવસ ભૂલ કરતો નથી.

શિક્ષણ માત્ર બાળક અને શિક્ષક બંનેનું સંયુક્ત છે તે જ રીતે સાધન, સામગ્રી, ઉપસ્કર અને એવી બધી વસ્તુ બાળકની અને શિક્ષકની સંયુક્ત છે. આ ભૂલવું ન જોઈએ.

૪૦ છોકરાંમાંથી ૩૬ સમજણાં બાળકોને ૪ વિષમધારણ બાળકોના ભાગે અન્યાય ન થવો જોઈએ.

તમે કેવળ શિક્ષક જ ન થાઓ, અભ્યાસી બનો. કેમ કે તો જ તમે તમારી અને બાળકની કક્ષા ઊંચી લાવશો.

સ્વાધ્યાય પદ્ધતિમાં આપણા પોતાના જ્ઞાનની મર્યાદાનું ભાન થાય છે. આપણે પોતે પોતાનો અભ્યાસ પણ એમાં વધારીએ છીએ. આપણે પણ જવાબદાર, સ્વતંત્ર અને સમય પત્રક વિના કામ કરનારા થઈ જઈએ છીએ.

સમય પત્રક વિના પણ વ્યવસ્થિત ચાલે એવું ઉત્તમ ઘડતર થાય છે. આ પદ્ધતિમાં પરતંત્રતા ચાલી જાય છે અને સ્વાધીનતા આવે છે. હરીફાઈ જાય છે અને સહકાર આવે છે.

આ પદ્ધતિ સૌ કોઈ સ્વીકારજો અને તેમાં તમને જરૂર ફતેહ મળશે.

('સંભારણા'-તંત્રી લેખમાંથી સાભાર)

**त्यजेदेकं कुलस्यार्थे ग्रामस्यार्थे कुलं त्यजेत् ।**
**ग्रामं जनपदस्यार्थे आत्मार्थे पृथिवीं त्यजेत् ॥**

॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)

## બાપુ અમર રહો!

**જુગતરામ દવે**

એનું જીવનકાર્ય અખંડ તપો
અમ વચ્ચે બાપુ અમર રહો !

એના જીવનમંત્ર સમો ચરખો
પ્રભુ ભારતમાં ફરતો જ રહો !

અમ જીવનમાં અમ અંતરમાં
એની ઉજજવલ જયોત જવલંત રહો!

અમ દેશનાં દૈન્ય ને દુર્બળતા
એની પાવક આતમજ્વાળ દહો !

એનો સત્યનો સૂર્ય સદાય તપો
અમ પાપ-નિરાશાના મેલ દહો!

એનાં પ્રેમ-અહિંસાનાં પૂર પ્રભો
અમ ભારતના સહુ ક્લેશ વહો !

એણે જીવતાં રામ સદાય રટ્યા,
એ તો 'રામ' વદીને વિદાય થયા;

લઘુ માનવમાં મહિમા ભરવા
નિજ લોહી અશેષ વહાવી ગયા.

## વજ્રપુષ્પ

ગુજરાતમાં ચારુતરે
કસદાર કાચા સ્વર્ણ શી જયાં છે ધરા-
ત્યાં એક એવું વ્રજ કેરું પુષ્પ ખીલ્યું
જે કદીયે કાળ કેરી ઝાળથી કરમાય ના.

આપના વ્યક્તિત્વમાં સરદાર હે!
કેવાં વિરલ તત્ત્વો તણું અસ્તિત્વ સોહ્યું એક સાથેઃ
પુષ્પ શું કોમળ હૃદય ને વજ્ર શી સંકલ્પશક્તિ !
એક સાથે ભક્ત ને યોદ્ધા તણી કેવી યુતિ !

રુદ્રતા ને રમ્યતા કેવી પરસ્પરમાં ભળી !
આંધીતણું તૂફાન ને વરસી રહેલી વાદળી !
ખડકાળ વ્યક્તિત્વે હતો વાત્સલ્યનો કેવો ઝરો !
ક્યારેક દાવાનળ સમા, ક્યારેક વળી લીલી ધરો !

વાચાળ એવા-લક્ષ્યવેધી તીર જેવા;
મૌન એવું-ટાંકણું લેતાં પહેલાં
કોક શિલ્પીની ભીતર આકાર લેતા મ્હોલ જેવું.
આંખો હતી એવી અનોખી
કોક અવધૂત ખાખીની જાણે ચલમ !
એક સાથે આપમાં જોવા મળ્યો
આગ ને પાણી તણો અદ્‌ભુત ઇલમ !
કર્મણ્યતા કપરી અને ચાણક્યબુદ્ધિના સુયોગે

એક ને અવિભાજ્ય ભારતનું કરી નિર્માણ આપે
આખરી વિદાય લીધી !
એક અંજલિ, પાછી પીધી ન પીધી
ને છલોછલ પ્યાલી અમૃતની અમોને ભેટ દીધી !

**- બાલમુકુન્દ દવે**

## लालबहादुर शास्त्री

पैदा हुआ उसी दिन, जिस दिन
बापू ने था लिया जनम।
भारत-पाक युद्ध में जिसने
तोड़ दिया दुनिया का भरम।
एक रहा है भारत सब दिन,
सदा रहेगा एक।
युगों-युगों से रहे हैं इसमें
भाषा-भाव अनेक।
आस्था और विश्वास अनेकों
होते हैं मानव के।
लेकिन मानवता मानव की
रही सदा ही नेक।
कद से छोटा था लेकिन था
कर्म से बड़ा महान्।
हो सकता है कौन, गुनो वह
संस्कृति की संतान।

જીવન એક વસ્ત્ર છે. મેલું થઇ જાય તો ધોઇ લેવું જોઇએ. ફાટી જાય તો રફુ કરાવી લેવું જોઇએ. પણ જેટલા દિવસ ચાલે ત્યાં સુધી સારી રીતે ચલાવવું જોઇએ.

## ત્યારે કરીશું શું ?

**સુરેશ હ. જોષી**

તોલ્સતોયે આ પ્રશ્ન ફરીફરી પૂછયો હતો: ''ત્યારે આપણે કરીશું શું? '' જે વિચારપૂર્વક જીવે છે, તેને તો આ પ્રશ્ન થવાનો જ.

'સંપૂર્ણ ક્રાંતિ' શબ્દ આપણને જયપ્રકાશે આપ્યો છે. પણ એક સંજ્ઞા કાંઇ તિલસ્માતી કામ આપી શકે નહીં. એમાં પ્રાણ પૂરવાનું કામ લોકહિતૈષી કાર્યકરોનું છે. તો કયાં છે એ લોકહિતૈષી કાર્યકરો ?

મોટા ભાગના યુવાનોની શક્તિ આજે વેડફાઇ રહી છે. દેશની સમસ્યાઓથી બેખબર, ભાવિ પરત્વે ઉદાસીન, પ્રજા સાથેના કશા સંબંધ-તંતુ વિનાના, કેવળ ઘરેડમાં પડી રહેનારા, જીવવાની પડેલી ટેવની ટેકણલાકડીએ ચાલનારા આ જુવાનોને ઊભા કરી દેનારું કોઇ બળ આજે દેશમાં રહ્યું છે ખરું?

વિદ્યાપીઠોનો દેશમાં ખાસ્સો ઉકરડો થયો છે. એમાં દિશાસૂઝ વગરના, પ્રયોગ કરવાની દાનત વગરના લોકો ભેગા થયા છે. વિચાર કરવાની અનિવાર્યતા ત્યાંથી સમજાવી જોઇએ, તેને બદલે એના એ માળખામાં રહીને અભ્યાસક્રમો ઘડ્યે રાખવા, તંત્રને અટપટું બનાવીને વિદ્યાપ્રાપ્તિ આડે અંતરાય ઊભા કરવા અને આખરે બીબાંઢાળ શિક્ષણ આપી છૂટવું- આ કારણે વચમાં તો આશા બંધાયેલી કે યુવાનો પોતે જ કોઇ નવી શિક્ષણવ્યવસ્થા સ્થાપવા માટેનું આંદોલન ઊભું કરશે. પણ દુર્ભાગ્યે થોડા છમકલાં સિવાય બીજા કશામાં યુવાનોને રસ નહોતો.

આટલી બધી વિદ્યાપીઠો છતાં યુવાનોનો મોટો વર્ગ હજી તો ઉચ્ચ શિક્ષણ પામી જ શકતો નથી. વળી આ શિક્ષણ એવા વર્ગમાં પહોંચે છે, જ્યાંથી એનું પ્રસરણ સમાજના અન્ય સ્તરો સુધી થતું નથી અને વિદ્યાપીઠમાંથી ડિગ્રી મેળવ્યા છતાં જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયામાંથી પસાર ન થનારો એવો નવો ડિગ્રીધારી અશિક્ષિત વર્ગ ઊભો થતો જાય છે. જેને જ્ઞાનની જરૂર ન હોય, જ્ઞાન પામવા માટેની માનસિક સજ્જતા જેનામાં ન હોય, તેમની પાછળ સમાજ ધન અને શ્રમ વેડફતો રહે છે.

તો યુવાનો, આખરે કરે છે શું? જવાબદારીના ભાન વિનાનો થોડો ગાળો વિદ્યાપીઠોમાં સુખપૂર્વક ગાળવા માટે આવે છે. એમના અભ્યાસ દરમ્યાન કશી વિચારસરણી એ કેળવતા નથી, જીવનાભિમુખ પણ થઇ શકતા નથી. જ્ઞાનપ્રાપ્તિની કંટાળાભરેલી પ્રક્રિયામાંથી બહાર નીકળી જઇને કૃત્રિમ ઉત્તેજનામાં સુખ શોધવાનો મરણિયો પ્રયત્ન એ કરે છે.

પછી આ પરિસ્થિતિ એમને કોઠે પડી જાય છે અને એક વિષચક્રમાં એ પૂરેપૂરા ફસાઇ જાય છે. આ જ ગાળામાં કેટલીક રાજકીય પ્રવૃત્તિઓ એમનું ધ્યાન ખેંચે છે. થોડાક ઉદ્દામવાદી વિચારણા તરફ વળીને અરાજકતા લાવવાના હિંસક ઉપાયો વિશે વિચારવા માંડે છે. એ વિચારવાનું પુરું ન થયું હોય ત્યાં તો એ વિદ્યાપીઠની બહાર ફેંકાઇ જાય છે. પછી એમને માટે તૈયાર રહેલા વ્યવસાયના ચોકઠામાં એ બંધબેસતા થવા જાય છે. પછી તો ક્રાંતિની વાતો કરવાની પણ ફુરસદ રહેતી નથી.

થોડાક જુવાનો ધર્માચાર્યો તરફ વળે છે. મોટે ભાગે જીવનસંઘર્ષ ટાળવાની એ એક તદબીર જ હોય છે. કેટલાકને સર્વોદયની પ્રાપ્તિ આકર્ષે છે. થોડા વખત પૂરતો એ શોખ પૂરો કરીને પાછા એના એ રેઢિયાળ માર્ગે તેઓ પાછા વળી જાય છે. કશું જ જાણે ઊંડા મૂળ નાખતું નથી. રાષ્ટ્રહિતની કશી પ્રવૃત્તિને સંગીન ભૂમિકા પ્રાપ્ત થતી નથી. યુવાશક્તિનો સ્રોત વિપથગામી બનીને એનાથી દૂર વહીને વેડફાઇ જાય છે.

રૂઢ વિચારોની પકડ આપણા ઉપર ઘણી છે. સહીસલામતી અને પશુસુખની માયા ઘણી છે. જે કશું સાહસપૂર્વક કરવાનું આવે, તેમાંથી ગણતરીપૂર્વક પીછેહઠ કરી જવાનું વલણ દેખાય છે. રાજકારણનું વાતાવરણ યુવાનોમાં અનિષ્ટ પ્રકારની મહત્ત્વાકાંક્ષાઓ બહેકાવે છે. ઊંડી જ્ઞાનનિષ્ઠા, માનવતા કે ભાવિનું નિર્માણ કરવાનો ઉત્સાહ હવે દેખાતાં નથી.

આને પરિણામે, અંતરાત્મા વિનાનો, કશા પણ ચિંતનથી દૂર ભાગનારો, કોઇ પણ સરમુખત્યારની કદમબોસી કરવા તત્પર, સાંકડા સ્વાર્થની સિદ્ધિમાં જ રચ્યોપચ્યો, જીવન પ્રત્યે ઉદાસીન એવો વર્ગ વધતો જાય છે. આ વર્ગને માટે આપણી સાંસ્કૃતિક સિદ્ધિઓ, આપણા ચિંતકોએ વારસામાં આપેલી સૂક્ષ્મ વિચારણાઓ-આ બધાનું કશું મૂલ્ય જ રહેતું નથી.

માનવસંબંધોની કોઇ દૃઢ ભૂમિકા નથી. સંસ્થાઓનાં ચોકઠાંઓમાં માનવી સલામતી શોધતો ભરાઇ જાય છે. વિદ્રોહની પરિસ્થિતિ ઊભી થઇ હોવા છતાં એ કાર્ય ઉપાડી લેનારું કોઇ રહ્યું નથી. પ્રવાહપતિતની દશામાં મોટો જનસમૂહ તણાતો જાય છે.

('અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર)

## સુગંધ

- જોલી વૈષ્ણવ

કૂવાને કાંઠે એક સીંચી છે વાત, અને વાતમાંથી વાત થઇ વહેતી,
ઉમટ્યો ઉજાગરો આંખમાં જોને, એમ સૈયર જઇ સૈયરને કહેતી.
બારણાની તેડમાંથી નીરખે કોઇ,
કે પછી ખુલ્લાં ઝરૂખેથી ઝાંકે,
સંતાશે નહીં એમ ફૂલની સુગંધ,
કોઇ લાખ સંતાડીને રાખે.
બારણાની ઑથી એક ઊભી છે વાત, અને વાતમાંથી વાત થઇ સરતી,
ઝૂલ્યો ઝૂરાપો જોને એને કેશ, એમ સૈયર જઇ સૈયરને કહેતી.
આંખોમાં ઉછળતું જોયાનું ગીત,
તોયે પાંપણ પર પ્હાડ કોણે મૂકયાં?
કાનમાં ધોળાયું જ્યાં કસુંબલ નામ,
જોને હૈયે ધબકાર કેમ ચૂક્યાં?
ખેતરનાં શેઢે એક ઊગી છે વાત, અને વાતમાંથી વાત થઇ ફરતી,
આંજ્યો અજંપો જોને એના અંગે, એમ સૈયર જઇ સૈયરને કહેતી.
ઉડતી ઉજાગરે ને ઝૂલતી ઝૂરાપે,
એમ ચાલી અજંપાની વાત,
પ્રીતના ધનુષનાં તો રંગો અપાર,
બોલ, મેઘ-ધનુષનાં છે સાત.
નેવાંને ટીપે એક ઝૂલી છે વાત, અને વાતમાંથી વાત થઇ ઝરતી,
વાતોવાતોમાંથી ફૂટી છે વાત, છોને વાતમાંથી વાત થઇ વહેતી.

(6363 Cristle Ave. Apt 405 Emery Ville CA 94608)

## હશે?

- કાજલ એચ. જોષી

તિમિરનાં કિનારાં સૌ ખાસ હશે,
આંસુ સામે કરેલા સૌ ભાસ હશે.

ચમકતાં રહેશે શ્વાસનાં પગલાંઓ,
જ્યારે ભીતરે થોડો પણ ઉજાસ હશે.

ભીનો ખળભળાટ વિખેરી નાંખો,
ઘાવ બાંધવાનો એ પ્રયાસ હશે.

કયાં હશે સાગર દોડ્યું નયને ઝરણું,
બીજે કયાંય નહિ તે આસપાસ હશે.

ન મંઝિલ, ન માર્ગ, ન મન્નત તોયે
આ રસ્તાઓનો કેવો પ્રવાસ હશે ??

(મુ. બોરલા તા.તળાજા, પો.બેલા, જિ.ભાવનગર
મો. ૯૭૨૩૮૯૧૪૪૬)

- ગૌતમ વકાણી

તરકટ રચી કયારેક સદંતર છેતરી જાય છે,
તકદીર આડા હાથથી બસ વેતરી જાય છે.

કંટક ઊગે છે બેફિકર હર છિદ્રમાંથી હવે,
ને ફૂલ જેવું કંઇક મુજમાંથી ખરી જાય છે.

સમજી ગજું તારું, કરી લે તું સફર મુકરર,
ના ઘેલછાઓ કોઇ મહાસાગર તરી જાય છે.

સંઘર્ષથી હાંસલ કરી લઉં બાજી જીવતર તણી,
પણ જીતના ટાણે જ અરમાનો ફરી જાય છે.

એની મુલાકાતો હવે દુષ્કર બની એટલી,
કે માંડ પહોંચું પાસ, શમણું સરી જાય છે.

ઇતબાર રાખુ છું ફકત નિજ જાત પર હું હવે,
ને વેણ દઇ દીધા પછી માણસ ફરી જાય છે.

(૨૪, ક્રિષ્ના બંગ્લોઝ-૩, સાંગોડપુરા રોડ, રાધેશ્યામ પાર્ટીપ્લોટ પાછળ, આણંદ, જિ- આણંદ મો:૯૪૨૭૧૭૮૭૨૧)

## ફેરફુદરડી

રાજેન્દ્ર જાડેજા

ફેરફુદરડી ફરીએ....
આંબાવાડી મધ્યે કોયલ સાથે ટહુકા કરીએ !
સવારની તાજપ લઇ સૂરજ પૂરવમાં જો ઊગે,
મિત્રોને મળવા ત્યાં મનડું દોડમદોડી પૂગે.

ચાલ, સહુથી આગળ આગળ આજે પગલાં ભરીએ !
આંબાવાડી મધ્યે કોયલ સાથે ટહુકા કરીએ !

હાર-જીત પણ થાય કદી ને થાયે ઇટ્ટા કિટ્ટા,
લેસન પણ કરવું ને કરવા આડા અવળા લીટા;

કિટ્ટા-બુચ્ચા કરતાં તરીએ, ભૈબંધીને દરિયે-
આંબાવાડી મધ્યે કોયલ સાથે ટહુકા કરીએ !

નિત નવીન ઉમંગ હૃદયમાં, જ્ઞાન સરિતા વહેતી,
પાવન એના જળમાં જીવન ધન્ય એ કરતી રહેતી.

ચાલો મિત્રો સાથે વિદ્યા-વનમાં આજ વિહરીએ !
આંબાવાડી મધ્યે કોયલ સાથે ટહુકા કરીએ !

મોરપિચ્છના રંગો લઇને ચિત્ર મજાનાં દોર્યા,
સ્વપ્ન નગરની અટારીઓમાં તેજ નવાં સંકોર્યા.
મુકત હવામાં ગીતો નવલાં કંઠ ભરી ગણગણીએ !
આંબાવાડી મધ્યે કોયલ સાથે ટહુકા કરીએ !

આંબાવાડી મધ્યે કોયલ સાથે કોયલ થઇએ.

નિયામક, શેઠ સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ મો. ૯૩૭૫૦૩૧૪૦૨)

॥ અભિનંદન ॥

**કનુ પટેલ**

વિદ્યાનગરને વિશ્વના નકશામાં મૂકીને વિચારો વૈશ્વિક સ્તરે અને કામ કરો સ્થાનિક કક્ષાએ-સૂત્રને જીવનમાં અપનાવીને ડૉ.સી.એલ. પટેલ સાહેબ વિદ્યાનગરમાં ૫૧ જેટલી શાળા-મહાશાળાઓનું પ્રેરણા સ્થાન ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષસ્થાને બેસીને ચરિતાર્થ કર્યું છે. પરંપરા અને આધુનિકતાનો સંવાદી સમન્વય સાધીને ભારતીય સમાજના બહુસાંસ્કૃતિક પર્યાવરણમાં પરિવર્તનના નવા સંકેતો સ્થાપનાર, લોકસમાજ અને લોક ભાગીદારીની દિશામાં સફળતા પૂર્વક કામ કરનાર વિદ્યાપુરુષ ડૉ. સી.એલ. પટેલ સાહેબને ગુજરાત કલા પ્રતિષ્ઠાનના દશાબ્દી વર્ષ નિમિત્તે વિદ્યારત્ન એવોર્ડ અર્પણ કરવાની ઉજળી તક મળી. જેના માટે અમે સૌધન્ય થયા.ડૉ.એસ.જી. પટેલ, ચિત્રકાર કનુ પટેલ, જયંત પરીખ સાથે ગુજરાત કલા પ્રતિષ્ઠાનની સમગ્ર ટીમ સાહેબના આશીર્વાદથી ધન્ય બની.

શરુઆતથી જ ડૉ.સી.એલ. પટેલ સાહેબના શુભાશિષ ગુજરાત કલાપ્રતિષ્ઠાનને મળતા રહ્યા છે. ક્યારેક ટેલિફોનિક તો ક્યારેક પત્રોથી.. રુબરુ મળવાનું થાય ત્યારે ગોઠડી જામે ને મને ઘણું બધું પ્રેરક માર્ગદર્શન આપે. આજે પિતાતુલ્ય બનીને એટલું જ કીધું-અધોગતિમાં તમારી ગતિ મજબૂત છે તેનો આનંદ છે. ગુજરાત કલાપ્રતિષ્ઠાનના દશાબ્દી વર્ષ નિમિત્તે કલાગ્રંથ લોકાર્પણ, કલાઉત્સવ અને અભિવાદન સમારોહ દબદબાભેર ઉજવાઇ રહ્યા છે. આજ સુધીમાં ૯ જેટલા કલાઉત્સવ યોજાઇ ગયા છે. જેમાં ૩૫૯ જેટલા કલાકારો કલાઉત્સવમાં સહભાગી બન્યા છે અને ૭૮જેટલા કલાસર્જકોનું કલાક્ષેત્રની સિદ્ધિઓની નોંધ લઇ કલારત્ન ઍવોર્ડ આપીને બહુમાન કરવામાં આવ્યું છે. સાથે ગુજરાતના કલાસર્જકોને કલાજ્ઞાનથી સમૃદ્ધ કરવાના શુભ આશયથી ૮૫૦ કરતાં પણ વધારે કલાગ્રંથોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જે ગુજરાતના કલાજગતમાં ઐતિહાસિક ઘટના બની છે. આપણા કલાસર્જકો કલાક્ષેત્રના આંતરરાષ્ટ્રીય કક્ષાના આયામોથી માહિતગાર બને અને કલાક્ષેત્રે પારંગત બને એવા શુભ આશયથી દરેક કલાઉત્સવમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ચિત્રકારોના લાઇવ ડેમોસ્ટ્રેશન રાખવામાં આવે છે. જેમાં આજ સુધીમાં ૯૦૦ થી પણ વધુ કલાકારો જોડાયા છે. વિદ્યાનગર ખાતે યોજાયેલ કલાઉત્સવ-૯માં રાષ્ટ્રીય ચિત્રકાર પ્રમોદ કામ્બલેનું (અહમદપુર-મહારાષ્ટ્ર) લાઇવ ડેમોસ્ટ્રેશન રાખવામાં આવ્યું હતું અને ડ્રોઇંગ, રંગ,રેખા અને કલા વિષયક ગહન ચર્ચાઓ કરીને કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. અને સુપ્રસિદ્ધ ચિત્રકાર કનુ પટેલને મોડેલ બનાવીને લાઇવ નિદર્શન કર્યું હતું. સંસ્થાના મહામંત્રી રમણીક ઝાપડિયાએ ચિત્રકારની સિદ્ધિઓ-પ્રસિદ્ધિઓની નોંધ લઇને ચિત્રકાર અજીત ભંડેરી અને ચંદ્રકાન્ત પ્રજાપતી પાસે ચિત્રકાર કનુ પટેલ અને ચિત્રકાર પ્રમોદ કામ્બલેનું કલારત્ન એવોર્ડ, રોકડ પુરસ્કાર અને પુષ્પગુચ્છ સાથે શાલ ઓઢાડીને અભિવાદન કરાવ્યું હતું.

કલાક્ષેત્રે જાણીતા ચિત્રકાર અજીત પટેલ, અશોક ખાંટ, જયંત પરીખ, મમતા પટેલ, સુનીલ આડેસરા, રાજેન્દ્ર થાનકી, મનહરભાઇ શાહ-સાહિત્ય ક્ષેત્રે ધ્રુવ ભટ્ટ, હરીશ મીનાશ્રુ, મણિલાલ હ. પટેલ, જયેન્દ્ર શેખડીવાળા, અશોકપુરી ગૌસ્વામી, પિયુષ જોષી, નિખિલ ખારોડ, જયદેવ શુક્લ સાથે સુપ્રસિદ્ધ નાટ્યવિદ કુમાર ભોઇ અને કલાગુરુ નિરતી પટેલને કલારત્ન ઍવોર્ડ અને શાલ અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચિત્રકાર કનુ પટેલ, અજીત પટેલ, જયંત પરીખ, હરીશ મીનાશ્રુ, મણીભાઇ હ. પટેલ સાથે ડૉ. એસ.જી. પટેલ સાહેબે ગુજરાતના ૯ દાયકામાં ગુજરાતના કલાજગતની ગઇકાલ, આજ અને આવતીકાલ પર પ્રકાશ પાડીને ગુજરાત કલા પ્રતિષ્ઠાનની કલા પ્રવૃત્તિને કલાના ઉત્થાન અને સંવર્ધનની ગણાવીને સંસ્થાના સંવાહકોને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે અહમદનગર (મહારાષ્ટ્ર)ના રાષ્ટ્રીય ચિત્રકાર પ્રમોદ કામ્બલેનું લાઇવ ડેમોસ્ટ્રેશન રાખવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન ચિત્રકાર કનુ પટેલ, મમતા પટેલ અને ભાવેશ રાવળ સાથે સમગ્ર ટીમે કર્યું હતું. જ્યારે સંચાલન ચિત્રકાર અવની પટેલ અને રમણીક ઝાપડિયાએ કર્યું હતું. આ પ્રસંગે નરેન્દ્ર ગોહિલ, રમેશ દેસાઇ, સુધા ઘેવરીયાએ ખાસ હાજર રહીને કલાકારોને શુભેચ્છા આપી હતી. કલાઉત્સવની કલાકૃતિઓનું નિદર્શન કરતા કલાકારોને બહારથી વરસાદ અને અંદરથી કલાકારોની કલાકૃતિઓના સપ્તરંગી સપનાઓ ભીંજવતા હતા.

(વલ્લભ વિદ્યાનગર)

॥ અનુવાદ ॥

# જાદુગરનો બદલો

**અનુવાદકઃ સુરેશ ગઢવી**

(અંગ્રેજી લેખક સ્ટીફન લીકોકની ટૂંકીવાર્તા 'The Conjuror's Revenge' નો મુક્ત અનુવાદ)

'ભાઈઓ અને બહેનો, આ કપડું સાવ ખાલી છે એવું આપને બતાવ્યા પછી હવે હું એમાંથી ગોલ્ડફીશ ભરેલો વાટકો કાઢીશ. એક દો-તીન'

આખા સભાગૃહમાં લોકો કહેતા હતા, 'ઓહો! અદ્‌ભુત! આવું એ કઈ રીતે કરતો હશે!

પણ આગળની સીટમાં બેઠેલા એક ચબરાક માણસે પોતાની નજીક બેઠેલા લોકોને ધીરેથી, પણ એ બધાં સાંભળે એમ કહ્યું, 'એ બધું એની બાંયમાં જ હતું'

લોકોએ ખુશ થઈ એની સામે માથું હલાવતાં કહ્યું 'અરે હાં! એવું જ હશે ! અને પછી તો આખા સભાગૃહમાં બધાંએ એકબીજાને કાનોકાન કહી દીધું. 'એ બધું એની બાંયમાં જ હતું'

'મારી બીજી ટ્રીક', જાદુગર બોલ્યો, 'પ્રખ્યાત હિન્દુસ્તાની કડીઓની છે. આપ જોઈ શકો છો કે આ કડીઓ દેખીતી રીતે જ એકબીજાથી અલગ છે. હવે એક જ ઝાટકે એ જોડાઈ જશે (ખણ...ખણ...ખણ...) એક-દો-તીન'

આશ્ચર્યચકિત દર્શકોનો ગણગણાટ આખા સભાગૃહમાં ફેલાઈ રહ્યો. ત્યાં તો પેલો ચબરાક માણસ ધીરેથી બોલતો સંભળાયો. 'બીજી જોડ એની બાંયમાં જ હશે.'

જાદુગરે ભવાં ચડાવ્યાં.

'હવે હું', એણે ચલાવ્યું. 'તમને બહુ ગમ્મત પડે એવી એક ટ્રીક બતાવીશ. હેટમાંથી હું ધારું એટલાં ઈંડાં કાઢી શકું છું.'

કોઈ સજ્જન મને પોતાની હેટ આપશે?... વાહ, આભાર, એક-દો-તીન.

એણે હેટમાંથી એક પછી એક એમ સત્તર ઈંડાં કાઢયાં. થોડીવાર માટે તો દર્શકોને લાગ્યું કે શું અદ્‌ભુત જાદુગર છે !

એટલામાં તો પેલા ચબરાકે ધીરેથી પણ આગલી હરોળમાં બેઠેલાં બધાં સાંભળે એમ કહ્યું, એની બાંયમાં ઘણીબધી મરઘીઓ છે.' અને પછી તો લોકો પણ એકબીજાને કાનમાં કહેવા લાગ્યા, 'એની બાયમાં ઘણીબધી મરઘીઓ છે.'

ઈંડાની ટ્રીકનું સત્યાનાશ નીકળી ગયું.

પૂરો વખત આમ જ ચાલ્યા કર્યું. ચબરાક માણસની કાનફૂસીથી હવે સૌએ જાણી લીધું હતું કે જાદુગરે એની બાંયમાં કડીઓ, મરઘીઓ અને માછલીઓ ઉપરાંત પત્તાની અનેક જોડ, રોટલો, ઢીંગલીનું ધોડિયું, જીવતું સસલું, પચાસ સેન્ટનો સિકકો અને ઝૂલતી ખુરશી પણ સંતાડી રાખ્યાં હતાં.

જાદુગરની કીર્તિનો પારો ઝડપથી શૂન્યથી નીચે સરકી રહ્યો હતો. સાંજ પતવા આવી ત્યારે એણે છેલ્લો દાવ અજમાવી લેવાની હિંમત એકઠી કરી.

'ભાઈઓ અને બહેનો', એ બોલ્યો, 'અંતમાં હું તમારી સામે જાપાનની સૌથી વધુ જાણીતી ટ્રીક રજૂ કરીશ. આ ટ્રીક ટીપરેરીના રહેવાસીઓએ હમણાં જ શોધી છે. સાહેબ, આપ, એણે ચબરાક માણસ તરફ ફરીને કહેવા માંડ્યું. 'આપની સોનાની ઘડિયાળ મને આપવાની કૃપા કરશો?'

પેલાએ એને ઘડિયાળ પહોંચાડી.

'આને ખાંડણીમાં મૂકીને એના ટુકડા કરી નાખવાની મને પરવાનગી છે?' એણે ખંધાઈથી પૂછયું.

ચબરાક માણસ માથું હલાવીને આછું હસ્યો.

જાદુગરે ઘડિયાળ ખાંડણીમાં નાખી અને ટેબલ પરથી મોટો હથોડો લીધો. ઝનૂનપૂર્વક ઘડિયાળ ખંડાવાનો અવાજ આવતો હતો. 'ઘડિયાળ એણે બાંયમાં સરકાવી દીધું.' ચબરાક માણસ હળવેકથી બોલ્યો.

'હવે સાહેબ',જાદુગરે આગળ ચલાવ્યું, 'મને આપનો રૂમાલ આપી એને કાણાં-કાણાં કરી દેવાની રજા આપશો?... આભાર. જુઓ ભાઈઓ અને બહેનો, આમાં કોઈ છેતરપીંડી નથી. કાણાં નજરે જોઈ શકાય એમ છે.

ચબરાક માણસનો ચહેરો ચમકી ઊઠ્યો. આ વખતે આ સાચુકલી રહસ્યભરી ટ્રીકે એને આકર્ષ્યો.

હવે સાહેબ, આપ મને આપની રેશમી હેટ આપીને એના પર નાચવાની મંજૂરી આપશો.? આભાર.

જાદુગરે થોડીવાર સુધી ઝડપભેર પોતાના પગ નીચે હેટને ચગદી. અને પછી ઓળખી ન શકાય એટલી હદે ચોળાઈ ગયેલી હેટ સૌને બતાવી.

'અને સાહેબ, હવે આપ મને આપનો પ્લાસ્ટિકનો કોલર કાઢી આપીને એને મીણબત્તીથી સળગાવી દેવાની રજા આપશો.? આભાર. સાહેબ.'

અને હવે મને મારી હથોડીથી આપનાં ચશ્માં તોડી નાખવાની પરવાનગી આપશો?... આભાર.

ચબરાક માણસનો ચહેરો હવે અસમંજસતાના ભાવો ધારણ કરી રહ્યો હતો. 'આમાં હું પાછો પડ્યો.' એણે ધીરેથી કહ્યું, 'આમાં તો મને જરાય સમજ પડતી નથી.'

દર્શકોમાં સોપો પડી ગયો. હવે જાદુગરે સ્ટેજ વચ્ચે આવી, ચબરાક માણસ તરફ એક તિરસ્કારભરી નજર નાખીને સમાપન કરવા માંડ્યું.

'ભાઇઓ અને બહેનો, આપ સૌએ જોયું કે મેં આ સજ્જનની મંજૂરીથી એમનું ઘડિયાળ તોડ્યું, એમનો કોલર બાળ્યો, એમનાં ચશ્માનો ભૂકો કર્યો અને એમની હેટ પર હું નાચ્યો. હજુ જો એ મને એમના ઓવરકોટ પર લીલા રંગના પટ્ટા ચીતરવાની કે એમના સસ્પેન્ડર્સ (મોજાં કે પેન્ટને ઉપરની તરફ ટકાવી રાખતા પટ્ટા)ને ગાંઠ મારીને બાંધી દેવાની પરવાનગી આપે તો આપનું મનોરંજન કરવાનો મને આનંદ થશે. નહીં તો ખેલ અહીં પૂરો થાય છે.'

અને વાદ્યમંડળી દ્વારા થઇ રહેલા સંગીતના જોરદાર ઘોંઘાટ વચ્ચે પડદો પડ્યો ને દર્શકો વિખેરાયા. એમને હવે ખાતરી થઇ ગઇ હતી કે ગમે એમ પણ જાદુગરની બાંયમાંથી ન થતા હોય એવા પણ કેટલાક ખેલ છે ખરા ?

(અંગ્રેજી વિભાગ, આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ)

**મુશ્કેલીઓ ખંખેરી નાખો**

જીવનમાં આફતો આવતી જ રહેવાની. જો એનાથી ગભરાઇ જઇશું તો જીવન ખતમ થઇ જશે. ઘણીવાર આપણા જીવનની અમુક ઘટનાઓને આપણે આપણા મનમાંથી ખંખેરી શકતા નથી અને એના લીધે આપણા જીવનની ખુશી, શાંતિ અને આનંદ હણાઇ જાય છે. સૂંડલો ભરીને માથા પર ઝિંકાતો ભૂતકાળ આપણને ઘા આપી જાય છે. આપણા મનમાં કડવાશ, વ્યથા, ગુસ્સો અને અજંપો ભરી જાય છે. ઘણી ઘટનાઓ આપણા મનમાં બદલા અને ઈર્ષાની આગ પણ લગાડી દે છે. એના લીધે આપણને જીવન જીવવા જેવું નથી લાગતું. જિંદગી સાવ નકામી લાગવા માંડે છે.

પણ આપણી પાસે આ બધાથી બચવાનો એક વિકલ્પ છે અને એ છે ખંખેરી નાંખવું. આપણા પર આવતી મુશ્કેલીઓ, આફતો, આપણો ગુસ્સો, બદલાની ભાવના, ઈર્ષા બધું જ ખંખેરી નાખવું. આપણી સાથે જે કાંઇ બન્યું છે, જે કાંઇ બની રહ્યું છે તેને સ્વીકારીને, પરિસ્થિતિનો ક્યાસ કાઢી, તેમાંથી યોગ્ય પાઠ શીખી બાકીનું બધું ખંખેરીને જીવન જીવવું.

**|| વિદ્યાવૃત્ત ||**

**આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં હિન્દી દિવસની ઉજવણી.**




૧૪મી સપ્ટે. સમગ્ર ભારતમાં હિન્દી દિવસ તરીકે ઉજવાય છે. ભારતના બંધારણમાં ૧૪મી સપ્ટે. ૧૯૧૯નાં રોજ હિન્દીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકૃત કરવામાં આવી, હિંદીએ સર્વસ્વીકૃત સમગ્ર ભારતમાં એક માતૃભાષા તરીકેનો દરજ્જો પ્રાપ્ત કર્યો. આ રાષ્ટ્રભાષાનું ગૌરવ પ્રાપ્ત થાય, તેનું મહત્ત્વ સમજાય તે હેતુથી આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં હિન્દીદિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ હેઠળ ચારુતર વિદ્યામંડળની સમગ્ર માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓમાં શાળાકિય ત્રણ સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. જેમાં સંવાદ પ્રસ્તુતિ, સુલેખન અને હિન્દી ગીત ગાન. જેમાં બધી શાળાનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળા કક્ષાએ થયેલ સ્પર્ધાનાં વિજેતાઓની અંતિમ સ્પર્ધા આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં રાખવામાં આવી હતી.

આ કાર્યક્રમનાં અંતે ઇનામ વિતરણ સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં ચારુતર વિદ્યામંડળનાં મંત્રી ડૉ. એસ.જી. પટેલ અને સહમંત્રી ઇજનેર વી.એમ. પટેલે હાજરી આપી હતી, શાળાના આચાર્ય શ્રી મહેશ ખ્રિસ્તીએ આવેલ મહેમાનોનું સ્વાગત કરી પરિચય આપ્યો હતો. વિવિધ શાળાઓમાંથી પધારેલા હિન્દી વિષયમાં જ્ઞાતા શિક્ષકોએ હિન્દી વિષયની વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. એસ.ડી. દેસાઇએ હિન્દી વિષયની વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. એસ.ડી.દેસાઇ હાઇસ્કૂલના શ્રી એસ.કે. ઉપાધ્યાય સાહેબે હિન્દી વિષયનું મહત્ત્વ સમજાવ્યું હતું. ડૉ. એસ.જી. પટેલ અને ઇ. વી. એમ.પટેલે વિદ્યાર્થીઓને આશિર્વચન આપ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષક શ્રી ભાવેશભાઇ ભટ્ટ, તથા શિક્ષિકા શ્રીમતી પુષ્પાબેન પરમારે કર્યું હતું.

॥ હાસ્ય નિબંધ ॥

# ફૂલ ગયું ને ફોરમ રહી

**હરીશ મહુવાકર**

મને કોઇ પૂછે કે છાપામાં સૌથી પહેલાં તમે શું વાંચો છો? તો મારો જવાબ છે. 'શ્રદ્ધાંજલિ' સવારના પાંચથી શરૂ થતી મારી રોજિંદી ઘટમાળ લગભગ રાતના બાર સાડાબારે પૂરી થાય. આટલો લાંબો ગાળો કેવી રીતે સુખસભર, હળવાશભર્યો બની રહે તેનો કીમિયો મેં શોધી કાઢ્યો છે. દિવસની શરૂઆત સારી તો અંત લગી સરળ ને સરળ બધું બની રહે. ચા સારી મળે ને દિ' સુધરે એ અર્ધસત્ય છે. એમાં સદ્ કે સત્ વાંચન ઉમેરવું પડે. એટલા સારુ એ અધૂરપને પૂરી કરવા હું સવારમાં જ શ્રદ્ધાંજલિ વાંચી લઉં, ને મારો આખો દિ ફૂલકા રોટલી બની રહે છે.

મારા એક વ્હાલા સૌથી પહેલાં મરણનોંધ વાંચે. મેં એને હું નાસમજ હતો ત્યારે પૂછેલું કે આવું કેમ? મને કહેલુંઃ આપણને નડતું કોઇ મર્યું કે નહીં એ જાણી લઇએ તો મજા પડી જાય કે નહિ? મારા એક સગા છે, શાહબુદીન રાઠોડના દુશ્મન છે. એનું નામ ગંભીરભાઇ. મને કહે 'આપણને ખબર હોવી જોઇએ કોણ ગયું. ટાણે ઊભા ન રહીએ તો આપણે ત્યાં ભોજીયો ભાઇ પણ ઊભો નો રેય હો'. લ્યો બોલો આપણે ગયા પછી આપણી પાછળ, 'રામનામ સત્ય છે' બોલવા કેટલા આવશે એની ચિંતા સારુ બધો ખ્યાલ રાખવાનો.

મને શ્રદ્ધાંજલિના ફોટા જોવાની મજા એ રીતે પડે કે જે કુદરતી કરામતોથી આપણે અજાણ રહ્યા હોઇએ તે આપણી સમક્ષ પ્રકટ થાય છે. હિરા શોધવા આફ્રિકા જઇ ઊંડા ખાડામાં ઉતરવું પડે ને મોતી સારુ દરિયે ગરક થાવું પડે. આ બેય મને જોખમી લાગે એથી સહજભાવે, પ્રયત્ને કંઇક મળી જાય તેની ફિરાકમાં હું હોઉં છું. હરદમ સંતાયેલા રહેલા આ હિરાઓ આમ સવાર- સવારમાં વર્તમાનપત્રમાં મળી આવે ત્યારે તમે જ કહો હરખનો પાર રહે કે નહિ? પોતાની કૂખેથી જન્મેલા શિશુને પ્રથમ વખત જોઇને જે પ્રસન્નતા માતા અનુભવે એવી જ લાગણી મનેય થાય.

ફોટોઓની પસંદગીમાં શિરમોર ફોટો આ રહ્યો : કાળા ગોગલ્સ મઢ્યો, આકાશ પ્રતિ શીશ ઉઠેલું હો ને ક્લિન શેવ ફેઇસ હો. કેવા કેવા ભાવ જગાડી જાય તમારામાં !આંખો સે દુનિયા હૈ રોશન એ વાત કેટલાક નખ્ખોદિયાઓએ ફેલાવી દીધેલી છે. એમને જાણ નથી અપની આંખો કો છૂપાકે દુનિયા દેખને કિ મજા ક્યાં હોતી હે ! વિરાટસ્વરૂપી આવી હસ્તીનું પાતઃ કાળે દર્શન સર્વ શોકને હરનારું બની રહે છે. ઋષીમુનિઓને નગાધિરાજનું દર્શન પ્રસન્નકારક લાગતું. આપણે ઋષી કે મુનિ થઇ શકીએ તેમ નથી. હિમાલય આઘો પડે પણ આવા વખતે મને ઋષિમુનિઓના સમોવડિયા હોવાની લાગણી અચૂક પ્રકટે એ કાંઇ ઓછી વાત ગણાય?

બીજી મુદ્રા તે આ : એક હાથ પોડિયમના ટેકે રાખી તમારી પર ઓવારી જવાના હોય એવા ભાવથી ઊભેલી વ્યક્તિ માઇકલ એન્જેલોએ સર્જેલી પ્રતિકૃતિ લાગે. ફુલપોઝવાળી આ મુદ્રાના પછવાડે વળી નયનરમ્ય દશ્યાવલી તમારા રોમરોમને ખડા કરી દે. વળી કોઇ એક ડગલું માંડ્યું કે ના હટુ એ ન્યાયે ઊભા હોય. વળી કોઇ આપણને વધાવવા આગળ વધતું હોય તેમ લાગે. કોઇ આમંત્રણ પણ આપતું લાગે. 'હમ ભી ચલે, તુમ ભી ચલો' વળી કફની - લેંઘો અને ચરણે સેન્ડલ, ચપ્પલ, શુઝ ને બાઅદબ ઊભેલો માનવી ભવિષ્યનો નેહરુ અકાળે જતો રહ્યો એવું પ્રતીતિ કરાવી જાય કે સ્વામી વિવેકાનંદ એમનામાં પૂરા અવતરણ પામે તે પહેલાં જતા રહ્યા એમ પણ અનુભવાય.

હવે થાય એવું કે પહેલી મુદ્રા અને બીજી મુદ્રાની વચ્ચે આંખ અને હૃદયનો ઝઘડો થઇ જાય. ચડસા -ચડસી વધી પડે. અધૂરું મિલન, અધૂરું ભોજન, અધૂરી ઊંઘ આપણને કેવા વિહવળ બનાવી દે છે. એમ એમ અધૂરું દર્શન ઇશ્વરનું કે સનમનું. રહ્યા- સહ્યા ચેન પણ ઝૂંટવી છે. ઘણી વખત તસ્વીરસ્થ વ્યક્તિ વિશે કંઇ ધારી જ ન શકો. ધારી ગામમમાં રહીનેય ન ધારી શકાય. એના અસ્તિત્વની કે રીતિ- નીતિની સમજણ ન પડે. એથી માત્ર ચહેરાવાળી શ્રદ્ધાંજલિ અધૂરી લાગે. એ ન્યાયે ફુલપોઝવાળી શ્રદ્ધાંજલિ હૃદયને ભરી દેવા કાફી છે ને એટલે પહેલી આ ને બીજી આ એવી પસંદગીનો ડખ્ખો.

હવે કાંઇ બધી અપેક્ષા ના રાખતાં મારી પાસે કે ત્રીજા, ચોથા, પાંચમા ક્રમે કઇ શ્રદ્ધાંજલિ તસ્વીરો છે. બધા પાના કાંઇ ખોલી ન નંખાય હો એમ. સ્વયં જ વર્તમાનપત્ર હાથમાં લો ને પછી મને યાદ કરજો. ભરતમુનિએ કેટલીક મુદ્રાઓ, ભાવોને નિહાળી તેનું વિવરણ નાટ્યશાસ્ત્રમાં ભલે કર્યું હોય પણ કાંઇ બધું તેમાં

સમાવિષ્ટ નથી. એમનાથી પણ કેટલુંય અજાણ છે ને એ અધૂરપ પૂર્ણ કરવાનો મોકો તે વર્તમાનપત્ર. આમ છતાં લોભ જતો નથી કરતો કારણ કે વળી તમે જ મને લોભીયો કહેશો. લ્યો જુઓ જોઇ ફ્રેન્ચ કટવાળા સજ્જન, લાંબી નીરણના પૂળા જેવી દાઢી ધારી આદમીઓ, ઉભડક બેઠેલા બાવાઓ, આશીર્વાદ વરસાવતી મૂર્તિઓ, ચોગઠા વિનાનું ચોગઠું, દેદીપ્યમાન(?) વૃદ્ધો, આખી કાજલશીશી નૈનોમાં ઘસી નાંખેલું શીશું, જવેલરીની દુકાને શોભે તેવા ચહેરાને બે હાથ પર ટેકવીને ખિલખિલાટ કરતી કોડભરી કન્યા, મહેંદી મૂકેલા હાથ દર્શાવતી નવવિવાહિતા, ખભે અકિંચન શોભાવતા કથાકાર, સંતો, કપાળે 'U'અંકિત અક્ષરવાળી, મૂછો વિનાનો લાંબી દાઢીધારી મર્હુમ, એમ સહુથી આપણો કશ્મીરી બગાન મહોરી ઊઠે હો ભાઇ.

ક્વિન એલીઝાબેથની હેટ કોઇ ચોરી ગયાનો દાખલો નથી મળ્યો. મળે ત્યારે જૂના વર્તમાનપત્રો ખોલીને મહારાણીને અચૂક એ હેટવાળી શ્રદ્ધાંજલિની તસ્વીર મોકલી આપ્યે ભેદ ખૂલી જશે. રાજેશખન્ના ગયા ને વારસો ટોપીનો આપતા ગયા. કેવા કેવા રાજેશખન્નાના પૂર્નઅવતારો આપણને પ્રાપ્ત થયા કરે હે...! જિંદગીભર સાફાનો વેંત ન થયો પણ ફોટોગરાફીની કેવી કમાલ, ઢોલીવૂડમાં ચા વેચવાય ન ચાલે તેવો મૂરતિયો આ કમાલથી હોલીવૂડના દિગ્દર્શકનું ધ્યાન ખેંચી લીડ રોલમાં સાઇન થઇ જાય.

ઊંડાણ આવકાર્ય હોય છે કોઇ પણ બાબતમાં. એ વિના સઘળું વ્યર્થ ગણાવાયું છે. છીછરા પાણીમાં ન્હાવું શું? અધૂરો ઘડો છલકાય. ભાવ, તપસ્યા, જ્ઞાન, લાગણી કે સંબંધ ઊંડાણ વિના બટકણા, સાહિત્યમાં શબ્દના ઊંડાણને મહત્ત્વનું ગણ્યું છે. આપણું રોજિંદું જીવન સાવ સપાટ હોય છે. ભાગ્યે જ ભાવસભર, ઘન, ઘટ્ટ, ગહન અભિવ્યક્તિને આવકાશ હોય ને એ ખોટ શ્રદ્ધાંજલિ આપણને સાલવા દેતી નથી. હિમાલયમાંથી નિરંતર વહેતા ઝરણાં માફક તે વહ્યાં કરે.

લોન લઇનેય મકાન લેવાના ફાફા પડ્યા હોય તોય કૈલાસવાસી સજ્જનો સાથે લડીલડી ઘસાઇ ગયેલો વૈકુંઠવાસી, ચોરી મેરા કામ, (વીજચોરી, પાણી ચોરી, કરચોરી) કરીને ઉજળિયાત થયેલો વ્રજવાસી થઇ જાય બોલો, ખાનગી રાહે તપાસ આદરવી ઘટે કે આ મુઓ ક્યાંનો વાસી થયો? કે ખાલી વાસી જ થયો. જીવતાં તાજો હતો જ ક્યાં વળી! બ્રહ્મ હતો નહિ તે બ્રહ્મવાસી ને લમણાઝીંક કરીને માસ્તરો થાક્યા તોય અખા આવ્યું નહિ અક્ષરજ્ઞાન એવો જણ અક્ષરવાસી થઇ જાય. ભાગ્યને? સ્વરૂપના મેળ જ નહોતા તે બાઇ ગંગાસ્વરૂપ કકળાટથી ત્રસ્ત આતંકવાદી થવાના આરે ઊભેલા આદમીની અર્ધાંગીની માટે વાત્સલ્યમૂર્તિ કેવી સુંદર ઉપમા લાગે!

મને સંસ્કૃતનો મોહ પરંતુ મોહ ભ્રામક નીવડે એવી સમજ ક્યાં હજુય આવી છે તે શ્રદ્ધાંજલિ વાંચી વાંચીને સંસ્કૃત શીખી જઇશ તેવી મોહની લાગણી ટકાવી રાખી છે. મને મોઢામોઢ બોલતાં આવડી ગયું. નૈનં છિન્દન્તિ શસ્ત્રાણી, નૈનં દહતિપાવક ભારત અજ્ઞાની દેશ છે કહેવાવાળાને તમાચો લગાવો. છાપા વાંચો શ્રદ્ધાંજલિ વાંચો, ગીતા-સંગીતા, માં ભારત મહાભારત, રામાની પારાયણ-રામાયણ, ઋચા ને રુચા, સ્તુતિ, શ્રૃતિ, અવળવાણી- સંતવાણીનો અખૂટ ધોધ નાયગ્રાના ધોધને ઝાંખો પાડી દે.

ગધેડાને ડોકે હિરાના હારની મહત્તા ગધેડો સમજે તો એ ગધેડો થોડો કે'વાય. સોનાની પરખ ઝવેરીને, એમ જીવતો માણસ લાખનો. મર્યો હાથી સવા લાખનો. આ બધી સેળભેળમાં કોણ શું છે તે સમજાતું નથી. પણ એક વખત મર્યે સમજાય જાય કે આ મૂઠ્ઠી ઊંચેરો હતો હો ભાઇ! એટલે મૂઠ્ઠી ઊંચેરો જ. વધારે શીદને અપેક્ષા રાખો છો યાર ?

હું બહું કોમળ હૃદયનો ઇન્સાન છું. અનેકાનેક નહિ પણ રોજે રોજ મારા બૂંદ શા હૃદય પર કેવા કેવા કારી ઘા થાય તેની સમજ તમને ના પડે. વાંચો તમે.: મન માની શકતું નથી કે તમે નથીઃ વિરહના આંસુ સુકાતાં નથી, હૃદયના ઘા કદી રુઝાશે નહિ; ફૂલ ગયું ને ફોરમ રહી; કુદરતની ક્રૂર કેવી આ મશ્કરી; અણધારી, આચિંતી વિદાય. હૈયુ ભરાઇ આવે કે નહિ ? તમે હૈયા બળ્યા નહિ હો તો આઘાત લાગે. એમનો દિવ્ય આત્મા આપણને નોંધારા મૂકીને ચાલ્યા જાય ત્યારે આપણા જેવા ફાંકડી જિંદગી જીવનારને સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ સદાયને માટે શીળી છાયડી સમાન બને એમ ક્યાંથી કરવું કહો જોઇએ? ભાઇ મારા, ગઢનો કાંગરો ખરી જવાથી ગઢ પડી જતો નથી. પરંતુ તેનો ખાલીપો કાયમ વરતાય છે. તમને સમજાય છે ને?

ઋણ સ્વીકારની નામાવલી લગ્ન કંકોતરીમાં

છપાતી દર્શનાભિલાષી જેટલી બહોળી હોય છે. બોલ્ડ કાળા અક્ષરોમાં વિરહમાં ઝૂરનારાઓના ઝૂંડથી આપણું અસ્તિત્વ રણઝણી ઊઠે છે. મરનાર મર્યા પછી નામ ભૂલી જતો હોવો જોઈએ. એથી એનું શોકાતુર સ્વજનમંડળ ને મિત્રજગત કૌંસમાં તેનું નામ લખીને યાદ અપાવી દે' 'વળી પાછું કેમ નહિ યાદ કર્યો તંય. નામમાં કાંઇ રાખ્યું નથી, બધું ઉપનામમાં જ મળી આવે. ભયલુભાઇ, વીકી, મીન્ટુ, ભૂરો, ગોપાલ વગેરે વિના કેવું બધું અધૂરું લાગે! વળી કૌંસમાં અંબિકા ફર્મ, પ્રમુખ ડાયમંડ, માતંગી કન્સ્ટ્રક્શન, સતનામ પ્રોવિઝન, હનુમંત મેડિકો ગુલાબ પંખડીઓ સમ શોભે. વળી ઘણી વખત બહોળા મિત્ર મંડળના નાતે ગરબડ ગોટાળા ના થાય તેથી સ્પષ્ટતા કરવી સારી, એથી અમદાવાદ, મુંબઇ, યુ.કે. અથવા યુ.એસ.એ જેવા ગામ, શહેર, દેશના અમ નિવાસી છીએ તેની. ડિગ્રી હોદ્દાની પણ આબરૂ હોય કે નહીં? લાંબી કેશવિહિન સ્ત્રી લાગે? તો પછી ચીંથરભાઇ- પૂર્વપ્રમુખશ્રી; વિક્રમભાઇ દેસાઇ શાસક પક્ષ નેતા; રામસંગભાઇ મહામંત્રી, PJP સૂરાભાઇ પ્રમુખશ્રી યુવા મોર્ચો; પૃથ્વીભાઇ એલ.આઇ.સી.; જનકભાઇ રેલ્વે; યુદ્ધવીરસિંહ એમ.એ. ગુજરાતી; દિવ્યેશભાઇ એડવોકેટ ઇ ન લખેલું હોય તો આઇસક્રિમ વગરનું ડિઝર્ટ લાગે.

લ્યો હું ભૂલી જ ગયો. આ મારા પડોશી સફેદ લેંઘા ફકનીમાં મારે ત્યાં હાજર થયા એટલે યાદ આવ્યું કે બેસણામાં જવાનું છે. ચાલો ત્યારે ઇન્સર્ટ કાઢી નાખીને આવું હો. અમારી શેરીના નાકેથી શ્રદ્ધાંજલિના લખાણ પ્રમાણે એક 'ફરિશ્તા'એ ફાની દુનિયાને છોડી દીધી છે. એમની નેવુંની ઉંમર છતાંય મન માની શકતું નથી કે ભરબપોરે તેઓ અચાનક સાવ ઓચિંતા વિદાય લઇને ચાલ્યા ગયા. બેસણાવાળા વિદાય લઇ લે એ પહેલાં હું તમારી પાસેથી વિદાય લઇ લઉં, હોં કે ?

('અમે' ૩/એ, ૧૯૨૯, નંદાલય હવેલી પાસે,
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૨
E-mail:- harishmahuvakar મો.નં: ૯૪૨૬૨૨૩૫૨૨ )

જીવનનું રહસ્ય બધું જ ગમતું કરવામાં નથી
પણ જે કરવાનું છે તે ગમાડવામાં છે.

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલ: editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

॥ અભ્યાસ ॥

# મહાભારતના ધર્મરાજા યુધિષ્ઠિરનો સમય

ચંદ્રકાન્ત પટેલ 'સરલ'

મનુ સ્વયંભૂ કે જે વિવસ્વત (સૂર્ય) મનુ ભગવાન તરીકે ઓળખાય છે. તેના વંશજોમાં ઈલા નામની પુત્રી હતી. આ ઈલાએ ચંદ્રના પુત્ર'બુધ' સાથે વિવાહ કર્યાં હતાં. તેમાંથી 'ઐલ' વંશ ઉદ્‌ભવ્યો. આગળ જતાં એ 'ચંદ્રવંશ' તરીકે ઓળખાયો. ઈલાનો એક પુત્ર 'પુરુરવા' વત્સ દેશમાં પ્રતિષ્ઠાનપુર નામના નગરમાં રાજ્ય કરતો હતો. તેના વંશમાં થયેલ ચક્રવર્તી રાજાઓમાં યયાતિ નામે પુરુષ હતો. આ યયાતિને ભાર્ગવ ઋષિ ઉશનસ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીથી 'યદુ' અને 'તુર્વશ' તથા બીજી પત્ની શર્મિષ્ઠાથી દ્રુહ્યુ, અનુ અને 'પુરુ' નામે પુત્રો થયા હતા. યયાતિ પછી સૌથી નાના પુત્ર 'પુરુ' ને રાજગાદી મળી. તેનો વંશ 'પૌરવ' નામે પ્રસિદ્ધ થયો.

**હસ્તિનાપુર**

ભરત વંશમાં ' હસ્તી' નામે એક મહાપરાક્રમી રાજા થઇ ગયો. આ ભરત વંશના રાજા 'હસ્તી' ના નામ પરથી એની રાજધાનીનું નામ 'હસ્તીનાપુર'(હસ્તિનાપુર) પડ્યું. હસ્તીના પુત્ર અજમીઢના સમયમાં ભરતવંશ અનેક શાખાઓમાં વહેંચાઇ ગયો હતો. અજમીઢ પછી ૧૦મી પેઢીએ હસ્તિનાપુરમાં રાજા સંવરણ થયો. અહિચ્છત્રના રાજા સુદાસે દાશરાજ્ઞ યુદ્ધમાં સંવરણને હરાવ્યો. સુદાસના વંશજો સહદેવ અને સોમક નબળા હોવાથી ઉત્તર- પંચાલની શક્તિ ક્ષીણ થઇ ગઇ.

સંવરણના કુરુશ્રવણે ઉત્તર-પંચાલ અને દક્ષિણ-પંચાલ જીતી લઈ પોતાની આણ સરસ્વતીથી માંડીને પ્રયાગ સુધી વિસ્તારી. આ કુરુશ્રવણના નામ પરથી હસ્તિનાપુરનો પ્રાચીન ભરત-વંશ 'કૌરવ-વંશ' તરીકે ઓળખાયો અને તેમનો દેશ પણ કુરુપ્રદેશ તરીકે ખ્યાતિ પામ્યો. કુરુના વંશમાં પરીક્ષિત અને જનમેજય થયા.

હસ્તિનાપુરમાં કૌરવ વંશમાં કુરુશ્રવણના પુત્ર જહ્‌નુના વંશમાં કુરુથી ૧૪મી અને ૧૫મી પેઢીએ પ્રતીપ અને તેનો પુત્ર શન્તનુ થયા. શન્તનુના પુત્રના પુત્ર ધૃતરાષ્ટ્ર અને પાંડુ થયા. ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી એના નાના ભાઇ 'પાંડુ' એ ગાદી સંભાળી. આ પાંડુ રાજાના વંશજો 'પાંડવ' તરીકે ઓળખાયા.

**ઈન્દ્રપ્રસ્થનગરી**

પાંડુએ મગધ સુધી દિગ્વિજય કર્યો હતો. વનવાસ દરમિયાન તેનું અવસાન થતાં ધૃતરાષ્ટ્રે સત્તાનાં સૂત્ર સંભાળ્યાં. પણ ધૃતરાષ્ટ્રના પુત્રો અને પાંડુના પુત્રો વચ્ચે સત્તા માટે કલહ થયો. કુરુ રાજયમાંથી પોતાનો હિસ્સો માગતા પાંડવોને છેવટે યમુનાની પશ્ચિમે ખાંડવ વનનો પ્રદેશ મળ્યો. આ વન બાળીને પાંડવોએ તે પ્રદેશને આબાદ કર્યો. અને ત્યાં યમુનાના તીરે નવી રાજધાની 'ઈન્દ્રપ્રસ્થ' નામે વસાવી. આ સ્થાન વર્તમાન નવી દિલ્હીની નજીક હતું.

**યુધિષ્ઠિર**

યુધિષ્ઠિરના સમય માટે વિદ્વાનો, સંશોધકો અને જ્યોતિર્વિદોએ જુદાં જુદાં વર્ષ સૂચવ્યાં છે. ઈ.સ. પૂર્વે ૩૧૪૦ થી શરૂ કરી ઈ.સ. પૂર્વે૧૧૫૧ સુધીનો સમય પોતપોતાના સંશોધનોમાં આંક્યો છે. પણ આપણે આ લેખમાં યુધિષ્ઠિરનો ખરો સમય કયો હતો તેના પર પ્રકાશ પાડવો છે.

કુરુક્ષેત્રના મેદાનમાં ૧૮ દિવસ સુધી ભારતયુદ્ધ ચાલ્યું. તેમાં પાંડવોનો વિજય થયો અને કૌરવો મરાયા. મહારાજા યુધિષ્ઠિર (ધર્મરાજા) નો હસ્તિનાપુરની ગાદી ઉપર રાજ્યાભિષેક થયો.

ઈતિહાસવિદ્ સ્વ. બાબુભાઈ પેથાણી સાવ નવું એક સંશોધન લઈને બતાવે છે કે યુધિષ્ઠિરે મહાભારતના યુદ્ધમાં વિજય મળતાં અશ્વમેઘ યજ્ઞ કર્યો. ત્યારે પોતાના પતિનો રાજ્યાભિષેક થવાનો છે તેની ખુશીમાં યુધિષ્ઠિરની બે પત્નીઓ દેવિકા અને યોધેયીના હરખનો પાર ન હતો. તેમણે પણ આ ખુશીમાં ઈ.સ. પૂર્વે ૨૪૪૯માં જટાશંકર દેવ અને ત્ર્યંબક ગોર નામના બ્રાહ્મણોને ઘણી ભેટો આપેલી. તો નકુલની પત્નીઓ યેદિકુમારી અને કરેણમતિએ પણ દાન-દક્ષિણા કરી ખુશી વ્યક્ત કરી હતી. આ સંશોધનથી સાબિત થાય છે કે પાંડવોને 'દ્રૌપદી' સિવાય પણ બીજી પત્નીઓ હતી અને તેનો સમય ઈ.સ. પૂર્વે ૨૪૪૯નો ઠરે છે.

**હસ્તિનાપુરના રાજાઓ**

હસ્તિનાપુરમાં યુધિષ્ઠિરથી માંડીને યશપાલ સુધીના ૧૨૪ રાજાઓએ ૪૧૫૭ વર્ષ રાજ્ય કર્યું છે. યુધિષ્ઠિરે ૩૮ વર્ષ ૮ માસ અને ૨૫ દિવસ રાજ્ય કર્યું. પરીક્ષિત રાજાએ ૬૦ વર્ષ ૦ માસ અને ૦ દિવસ રાજ્ય કર્યું. જનમેજયે ૮૪ વર્ષ ૭ માસ અને ૨૩ દિવસ. અશ્વમેઘે ૮૨ વર્ષ ૮ માસ અને ૨૨ દિવસ તથા રામે (બીજા રામે)

૮૮ વર્ષ, ૨ માસ અને ૮ દિવસ રાજ્ય કર્યું. દ્વિતીય રામથી ૩૦ મી પેઢીએ થયેલ ક્ષેમકે ૪૮ વરસ ૧૧ માસ અને ૨૧ દિવસ રાજ્ય કર્યું. આ બધાએ મળીને ૧૭૭૦ વર્ષ ૧૧ માસ અને ૧૦ દિવસ રાજ્યો ભોગવ્યાં. રાજા ક્ષેમકના પ્રધાન વિશ્રવાએ ક્ષેમકને મારીને સિંહાસન હસ્તગત કર્યું. વિશ્રવાના વંશમાં ૧૪ પેઢી સુધી રાજ્ય રહ્યું. છેલ્લો રાજા વીરસાલસેન હતો. આ ૧૪ રાજાઓએ એકંદરે ૫૦૦ વર્ષ ૩ માસ અને ૧૭ દિવસ રાજ્યો ભોગવ્યાં. વીરસાલસેનને તેના પ્રધાન વીરમહાએ મારીને ગાદી પોતાના હસ્તક લીધા પછી વીરમહાના વંશજોએ ૧૬ પેઢી રાજ્ય કર્યું. તેનો છેલ્લો રાજા આદિત્યકેતુ હતો. તેણે ૨૩ વરસ ૧૧ માસ અને ૧૩ દિવસ સત્તા ભોગવી. આ બધા મળીને ૧૬ પેઢીઓના રાજાઓએ ૪૪૫ વર્ષ અને ૫ માસ તથા ૫ દિવસ રાજ્ય કર્યું હતું.

આદિત્યકેતુને પ્રયાગના રાજા ધંધરે મારી નાખ્યો હતો. તેણે તથા તેના વંશજોએ એકંદરે ૯ પેઢી રાજ્ય કર્યું જેમાં છેલ્લો રાજા રાજપાલ હતો. તેણે ૩૬ વર્ષ રાજ્ય કર્યું. રાજપાલને તેના સામંત મહાનપાલે મારી નાખ્યો. એના વંશનો રાજા માત્ર એ પોતે જ હતો. મહાનપાલે ૧૪ વરસ રાજ્ય કર્યું. આ મહાનપાલ રાજા ઉપર ઉજ્જૈનનો રાજા વિક્રમાદિત્ય ચડી આવ્યો અને મહાનપાલનો વધ કર્યો. આમ આ પેઢીઓ ઘણી લાંબી થવા જાય છે માટે તેની નામાવલિ અસ્થાને ગણી છે.

**યુધિષ્ઠિરનો સમય**

મહાન ઈતિહાસવેત્તા, વિદ્વાન ગૌરીશંકર ઓઝા લખે છે કે ભાગવત અને વિષ્ણુ પુરાણમાં પરીક્ષિતના જન્મથી લઈને નંદના રાજ્યાભિષેક પર્યન્ત ૧૦૧૫ વર્ષો વ્યતીત થયાં હતાં. રાજા નંદથી ૧૦૦ વર્ષ પછી મૌર્યવંશના રાજા ચંદ્રગુપ્ત (વિક્રમાદિત્ય ૨-જો) નો રાજ્યાભિષેક થયો હતો. એણે ઇ.સ. પૂર્વે ૩૨૧ માં રાજ્ય મેળવ્યું હતું. માટે યુધિષ્ઠિરનો સમય ક્રમમાં વિક્રમ સંવતથી ૧૩૮૦ વર્ષ પૂર્વે હતો.

અત્રે એ જાણવું જરૂરી છે કે રામ, કૃષ્ણ અને યુધિષ્ઠિરની સાથે દ્વાપરયુગની સમાપ્તિ થઇ કલિયુગનો આરંભ થાય છે. અતિ પ્રાચીન કાળમાં બનેલી ઘટનાઓની બાબતમાં બહુ બહુ તો સત્યની નજીક પહોંચી શકાય છે. સત્યને પકડવું કઠિન થઇ પડે છે.

મહાભારતના યુદ્ધમાં કૃષ્ણ ભગવાને પાંડવોનો પક્ષ લીધો હતો. આ યુદ્ધમાં યદુની ૫૬ શાખાઓનો પ્રબલ પ્રભાવ પ્રાયઃ નષ્ટ થઇ ગયો. ૧૮ દિવસ ચાલેલાં આ યુદ્ધમાં હજારો મનુષ્યો મરણ પામ્યાં હતાં. યુદ્ધમાં વિજય મળવા છતાં યુધિષ્ઠિરને સુખની પ્રાપ્તિ થઇ નહિ. તે સતત વ્યથા અનુભવતા હતા. એટલે શાંતિ મેળવવા અર્જુનના પૌત્ર પરીક્ષિતને રાજગાદી સોંપી તેઓ કૃષ્ણ અને બળદેવની સાથે દ્વારિકામાં આવ્યા. (અહીં સવાલ એ ઊભા થાય છે કે પરીક્ષિત રાજસિંહાસન પર અધિષ્ઠિત થયા તે પૂર્વે જ પ્રભાસક્ષેત્રમાં ભગવાન શ્રીકૃષ્ણે તથા બળદેવે પોતાની માનવલીલા સમાપ્ત કરી હતી.)

**પ્રાચીન કાળ -ગણના**

આપણું વિશ્વચક્ર કેટલાંએ વર્ષોથી ચાલે છે. કેટલાંએ મનુષ્યો તેમાં જન્મ્યાં અને લય પામ્યા તેની કલ્પના પણ થઇ શકતી નથી. પૃથ્વી સૂર્યની આસપાસ કેટલી વખત ફરી શકે છે તે જોઇને તેનો નિર્ણય કરીને તે કાળને ‘વર્ષ’ એવી સંજ્ઞા આપી. તેના પછી મહિનો, પક્ષ, સપ્તાહ, તિથિ, ઘટિ, પળ અને વિપળ એવા ભાગ કર્યા. અને તેમાં સૌર વર્ષ અને ચંદ્ર વર્ષ એમ બે ભાગ પાડ્યા. પછી ઘણા વર્ષોનો ‘યુગ’ થયો. વાચકને રસ ઉત્પન્ન થાય એમ સમજી અહીં કાળગણનાનો નમૂનો આપેલ છે.

કલિયુગની પહેલાં દ્વાપરયુગ, તેની પહેલાં ત્રેતા, તેની પહેલાં કૃત કે સતયુગ હોવાનું ગણેલું છે. અને કલિયુગના કરતાં દ્વાપરનાં બેવડાં, ત્રેતાયુગનાં ત્રેવડાં અને સત્યયુગનાં ચોવડાં વર્ષ હોવાનું બતાવેલું છે. દ્વાપરનાં ૮,૬૪,૦૦૦ ત્રેતાનાં ૧૨,૯૬,૦૦૦ અને સત્યયુગનાં ૧૭,૨૮,૦૦૦ વર્ષ ગણવામાં આવ્યાં છે. ચારેના વર્ષોનો સરવાળો ૪૩,૨૦,૦૦૦ થાય છે. આને એક મહાયુગ ગણ્યો છે. આવા ૭૧ મહાયુગનો એક મન્વંતર ગણાય છે. એટલે કે એક ૪૩,૨૦,૦૦૦ x ૭૧ = ૩૦,૬૭,૨૦,૦૦૦ વર્ષનો એક મન્વંતર થાય છે. અને આવા ૧૪ મન્વંતર અને ૬ મહાયુગ થાય એટલે એક ‘‘કલ્પ’’ગણાય છે. એટલે કે ૩૦,૬૭,૨૦,૦૦૦ x ૧૪ = ૪,૨૯,૪૦,૮૦,૦૦૦+૪૩,૨૦,૦૦૦ x ૬ = ૨,૫૯,૨૦,૦૦૦ =૪,૩૨,૦૦,૦૦,૦૦૦ વર્ષોનો એક કલ્પ થાય છે. જેને બ્રહ્માનો એક દિવસ થયો એમ કહેવાય છે. આટલા જ બીજા વર્ષો થાય એટલે કે બીજો એક કલ્પ થાય એટલે બ્રહ્માની રાત્રિ થઇ એમ કહેવાય છે. (ગણાય છે)

મનુષ્યનું એક વર્ષ એટલે દેવોનો ૧ દિવસ. મનુષ્યના ૩૬૦ વર્ષ એટલે દેવોનું ૧ વર્ષ. દેવોના ૩૬૦ વર્ષ એટલે સપ્તર્ષિનું ૧ વર્ષ. સપ્તર્ષિઓનાં ૩૬૦ વર્ષ એટલે ધ્રુવનું ૧ વર્ષ. આ પ્રમાણે વૈદિક કાળમાં ગણના થતી. દેવતાઓ અને ઋષિમુનિઓ હજારો વર્ષ સુધી જીવતા.

એક મન્વંતરમાં મનુ, ઇન્દ્ર,યમ વગેરે દેવો બદલાય જાય છે. એક દેવ ૨૫ વર્ષની ઉંમરે પૃથ્વી ઉપર આવે અને પૃથ્વીવાસીઓને દર્શન આપી ગયો હોય. એ જ દેવ બીજે વર્ષે આવે ત્યારે તેની ઉંમર તો ૨૬ વર્ષની થઇ હોય પણ પૃથ્વી ઉપર તો ૧૮ થી ૨૦ પેઢીઓ એટલે કે ૩૬૦ વર્ષો વીતી ચૂક્યાં હોય.

**યુધિષ્ઠિર સંવત**

યુધિષ્ઠિરે રાજ્યાભિષેક પછી પોતાના નામનો શક સંવત શરૂ કર્યો. જે ૩૦૪૪ કે ૩૦૫૦ સુધી ચાલ્યો હતો. તેનું નામ યુધિષ્ઠિર સંવત અપાયું હતું. જ્યોતિષના ગ્રંથોમાં તથા પંચાગોમાં યુધિષ્ઠિર સંવત અથવા કલિયુગ સંવતનાં વર્ષ આપવામાં આવે છે. એનો આરંભ ઇ.પૂ. ૩૧૦૨માં થયો મનાય છે.

પરંતુ આ સંવતના ઉલ્લેખ ઇ.સનની આરંભિક સદીઓથી થયા છે. કલિયુગ વા યુધિષ્ઠિર સંવત અને શક સંવતના વર્ષ વચ્ચે ૩૧૭૯ વર્ષનો તફાવત છે. આથી આ સવંતમાંથી ૩૧૦૦ કે ૩૧૦૧ બાદ કરવાથી ઇ.સ. નું વર્ષ આવે છે. દા.ત. શક વર્ષ ૧૯૩૭ તથા વિ.સંવત૨૦૭૨ માં કલિયુગનું વર્ષ ૫૧૧૬ ચાલે છે. તો તેમાંથી ૩૧૦૦ બાદ કરતાં ૫૧૧૬-૩૧૦૦=૨૦૧૬ એ હાલની ઇ.સ. ની સાલ ગણાય છે.

ચાલુક્ય રાજા પુલકેશી ૨-જાના ઐહોળે શિલાલેખમાં મહાભારતનું યુદ્ધ ૩૭૭૫ અને શક સંવતનું વર્ષ ૫૫૬ જણાવ્યું છે. આ બંને વર્ષો વચ્ચે ૩૧૭૯ વર્ષનો તફાવત છે. આમ એમાં ભારતનું યુદ્ધ કલિયુગના પ્રારંભે થયેલું મનાયું છે. આ યુદ્ધ પછી તરત જ યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો હતો અને તે માટે એને 'યુધિષ્ઠિર સંવત' પણ કહે છે.

યુધિષ્ઠિરના સમય માટે વધુ મથામણ કરવી પડે તેમ છે. મહાભારતયુદ્ધ અને યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક ખરી રીતે જોઇએ તો કળિયુગના આરંભ પછી ૬૫૩ વર્ષે થયો હોવાનો મત વધુ પ્રચલિત છે. વરાહમિહિર યુધિષ્ઠિરના રાજ્યનો આરંભ શક સંવત પહેલાં ૨૫૨૬ વર્ષે થયો હોવાનું જણાવે છે. તેમજ રાજતરંગિણી ગ્રંથ પણ પાંડવો અને કૌરવો કળિયુગનાં ૬૫૩ વર્ષ વીત્યે થયા હોવાનું જણાવે છે.

આ વિદ્વાનોના ગણિત સાથે આપણું ગણિત બરાબર મળતું આવે છે. મારી ગણતરી પ્રમાણે કળિયુગ ઇ.સ. પૂર્વે ૩૧૦૧ કે ૩૧૦૨ માં શરૂ થયો હોય તો યુધિષ્ઠિરનો સમય ઇ.સ. પૂર્વે ૨૪૪૯ નો ગણાય. ૩૧૦૨-૬૫૩= ૨૪૪૯ આવે. આ સંવતમાંથી ૨૪૪૭-૨૪૪૮ બાદ કરવાથી ઇ.સ. નું વર્ષ નીકળી આવશે. લેખ લાંબો થઇ જવાથી અહીં ટૂંકાવવો પડ્યો છે.

**સંદર્ભગ્રંથો- સહયોગ**


૧. ભારતીય અભિલેખ વિદ્યા
૨. ભારત દર્શન
૩. હિન્દુસ્થાનમાં શકો
૪. સ્વ. બાબુભાઇ પેથાણી
૫. ઓખામંડળ
૬. મહાભારત
૭. મારો લેખ - રાજા પરીક્ષિતનો કાલનિર્ણય



''સંસ્કૃતિ દર્શન'' કાર્યાલય, આસોપાલવ, શેરી નં. ૦૨, રેલવે સ્ટેશન પ્લોટ - માણાવદર -૩૬૨૬૩૦ જિ- જૂનાગઢ
મો. --૮૭૩૫૯૦૨૪૨૪)


**દમ લગા કે હૈસા ...**

જીવન જીવવું અને એમાં સફળતા મેળવવી બહુ અઘરી છે. એમાંય ખાસ કરીને જ્યારે તમે જીવનમાં આગળ વધી રહ્યા હો, સફળતાનાં શિખરો સર કરવા માટે પગથિયાં ચડતા હોવ ત્યારે એવા વિઘ્નસંતોષી માણસો પણ તમને મળશે, જે તમને તોડવાનો પ્રયત્ન કરશે. તમને ગભરાવશે, ડરાવશે. તમને નીચે ને નીચે ખેંચવાનો પ્રયત્ન કરશે. જો તમે એની વાત કોને ધરશો તો જીવન બરબાદ કરી બેસસો. પણ જોતમે એવા ઈર્ષાળુ લોકોની વાતની અવગણના કરશો તો જીતી જશો. કામચોર અને બીજાના સુખે દુઃખી થતા બેકાર લોકો સાથે લડવા માટે તમારે એમના જેટલા નીચે ઊતરવું પડે છે. એ લોકો એવું જ ઇચ્છતા હોય છે અને એટલે જ તમને નીચે ખેંચવાનો પ્રયત્ન કરતાહોય છે. આવા લોકો, ''દમ લગા કે હૈસા...''ના નારા સાથે હંમેશા બીજાને પાડી દેવા જ રચ્યાપચ્યા રહેતા હોય છે. જેથી તમે એમનામાંના એક બની જાઓ માટે આવા લોકોની વાત બિલકુલ કાને ના ધરશો.

તમે તમારી રીતે જ જીવન જીવો. આવા લોકો તમને ખેંચીને નીચે પાડી દે એવું ના થવા દેશો. તો જ જીવનમાં સફળ થશો.

॥ મુલાકાત ॥

# ''પત્રકારત્વ વિકાસલક્ષી અને પત્રકારો સંવેદનશીલ બને તે આવશ્યક છે.''

**સંજય કચોટ**

અખબારો એ સમાજની આરસી છે. સમાજજીવનની રોજિંદી ઘટમાળનું નિરૂપણ કરવાનું કાર્ય અખબારનવેશોનું છે. જો કે પત્રકાર અને પત્રકારત્વના પરિમાણો બદલાતા સમયની સાથે સતત બદલાતા રહ્યા છે. રાજા રામમોહન રાય, ગાંધી અને ટિળક જેવા સંન્નિષ્ઠ અને સંવેદનશીલ પત્રકારોના 'મિશન'રૂપ પત્રકારત્વએ આઝાદી બાદ વ્યાવસાયિકતા અને 'કમિશન'નો એક નવો અવતાર ધારણ કર્યો !

પત્રકારત્વ, અખબારો કે માધ્યમો-એ મનના રંજન યાને 'મનોરજન'નું સાધન નહિ; પરંતુ અત્યંત ગંભીર, વિચારલક્ષી અને સામાજિક ઉત્તરદાયિત્વને સંસ્પર્શે તેવો વિષય છે. આ વિષય આધારિત ત્રણ પુસ્તકોઃ (૧) 'ગુજરાતી પત્રકારત્વનું સાહિત્યિક અને સામાજિક પ્રદાન' (૨) '૧૯મી સદીનું ગુજરાતી પત્રકારત્વઃ પ્રવાહો અને પ્રભાવ' (૩) 'માધ્યમોઃ સંશોધન અને વિશ્લેષણ'નું તાજેતરમાં 'ઇન્સ્ટિટયૂટ ઓફ લેંગ્વેજ સ્ટડીઝ એન્ડ એપ્લાઇડ સોશિયલ સાયન્સિસ' (ઇલસાસ) કોલેજના પત્રકારત્વ સમૂહ માધ્યમો (ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્પ્યુનિકેશન)ના અધ્યાપક ડો. સંજય કચોટ દ્વારા આલેખન કરવામાં આવ્યું છે. આ ત્રણેય પુસ્તકોનું તાજેતરમાં જ ગુજરાત રાજયના ગવર્નરશ્રી ડૉ.ઓ.પી.કોહલીના હસ્તે રાજભવન, ગાંધીનગર ખાતે વિમોચન થઇ ગયું. આ પૈકીના એક પુસ્તક-'ગુજરાતી પત્રકારત્વનું સાહિત્યિક અને સામાજિક પ્રદાન' પર દેશના સૌથી મોટા ટેલિવિઝન નેટવર્ક-'દૂરદર્શન'ની પ્રાદેશિક ચેનલ 'ડીડી ગિરનાર'ના 'પુસ્તક પરિચય' કાર્યક્રમ અંતર્ગત ડૉ. સંજય કચોટની એક મુલાકાતનું આયોજન-પ્રસારણ હાથ ધરવામાં આવ્યું હતું.

'ઇલસાસ' કૉલેજના અંગ્રેજી વિભાગના અધ્યાપક પ્રા. માધવ આસ્તિક દ્વારા લેવાયેલ આ ઈન્ટરવ્યૂના કેટલાંક મહત્ત્વપૂર્ણ અંશોનું અત્રે આલેખન કરવામાં આવ્યું છેઃ

**પ્રા.માધવ આસ્તિકઃ** 'ગુજરાતી પત્રકારત્વનું સાહિત્યિક અને સામાજિક પ્રદાન' આ પુસ્તક વિષે અમારા દર્શકોને જણાવો.

**ડૉ. સંજય કચોટઃ** આ પુસ્તકમાં ગુજરાતી પત્રકારત્વના સામાજિક પ્રદાન અંતર્ગત કરસનદાસ મૂળજીના 'સત્યપ્રકાશ', નર્મદના 'ડાંડિયો', આચાર્ય આનંદશંકર ધ્રુવના 'વસંત', મુંબઇથી પ્રકટ થતા 'રાસ્ત ગોફતાર', ઈન્દુલાલ યાજ્ઞિકના 'નવજીવન', ર.વ.દેસાઇના 'સયાજીવિજય' સહિતના સંખ્યાબંધ ગુજરાતી અખબારો-સામયિકોએ તત્કાલીન સમાજજીવનમાં જગાવેલી સંચેતના, કુરિવાજો સામેની લડત, ધાર્મિક પાખંડતા સામેના અભિયાનો અને સામંતશાહી હેઠળ પીડાતી સામાન્ય પ્રજાના પ્રશ્નોને વાચા આપવાનું સ્તુત્ય કાર્ય કર્યું છે.

આ ઉપરાંત સાહિત્યિક પ્રદાન હેઠળ 'બુદ્ધિપ્રકાશ', 'ગુજરાત શાળાપત્ર', 'સૌરાષ્ટ્ર', 'પ્રિયંવદા', 'સંસ્કૃતિ', 'કવિલોક', 'મિલાપ', 'કુમાર', 'પ્રસ્થાન'- જેવા પત્રો મારફત ઝવેરચંદ મેઘાણી, ક.મા.મુનશી, બચુભાઇ રાવત, રામનારાયણ પાઠક, મણિભાઈ દ્વિવેદી, ગોવર્ધનરામ ત્રિપાઠી સહિતના સજર્કોએ ગુજરાતી સાહિત્યની કરેલી સેવાઓનો વિસ્તૃત ઉલ્લેખ કર્યો છે.

પત્રકારત્વ સાહિત્યિક અને સામાજિક દૃષ્ટિકોણથી કેવી રીતે ઉપકારક નીવડી શકે તે સબબની લગભગ તમામ માહિતી આ પુસ્તક અંતર્ગત આવરી લેવામાં આવી છે.

**પ્રા. માધવ આસ્તિકઃ** સાહિત્યના વિદ્યાર્થી-અધ્યાપક તરીકે મને એ જાણવામાં રસ ખરો કે-પહેલા કોણ ?- પત્રકારત્વ કે સાહિત્ય ?

**ડો. સંજય કચોટઃ** આ સવાલ ખરેખર જ રસપ્રદ છે. મેથ્યૂ આર્નોલ્ડના મતે, 'પત્રકારત્વ એટલે બીજું કંઇ નહીં; પણ ઉતાવળે લખાયેલું સાહિત્ય' (Literature written in a hurry) પત્રકારત્વ એ સાહિત્યિક રચનાનું પ્રવેશદ્વાર ગણીએ તો એ જરાય અતિશયોક્તિભર્યું નહી ગણાય ! 'પત્રકારત્વ અને સાહિત્ય' ની ભેદ અને નિટકતાને સમજવા બેસીએ તો એટલું ચોક્કસ કહી શકાય કે-

પત્રકાર 'સ્વાંતઃસુખાય્' માટે નથી લખતો, તેની દૃષ્ટિ ઘણુખરું 'બહુજન હિતય્' પર મંડાયેલી હોય છે. આ સંદર્ભે વાડીલાલ ડગલીનું મંતવ્ય ખૂબ સરસ છે. તેઓ કહે છે, ''સાહિત્ય એટલે એવું લખાણ જેનું મુખ્ય લક્ષણ સર્વકાળ અને સર્વ સ્થળના ભાવકોને આનંદ આપે તેવા વિચારોની અભિવ્યક્તિ અને આકૃતિ.'' સાહિત્ય અને પત્રકારત્વનું માધ્યમ સમાન છે, પરંતુ બંનેના ધ્યેય જુદાં-જુદાં છે. પત્રકાર ઘટના-બનાવોની આજુબાજુ ફરે છે. આ ઘટના-બનાવ પત્રકારત્વનો પ્રાણ છે. જ્યારે સાહિત્યનું લક્ષણ સમાચાર નહીં, પણ માનવનું ચિત્ત છે. સાહિત્યનું કામ ઘણુખરું

લેખકનો દૃષ્ટિકોણ રજૂ કરવાનું છે. સાહિત્યનો આનંદકણ લેખકના વિચારમાંથી જન્મે છે. એટલે કે, સાહિત્યકાર વ્યક્તિ અને સમાજની તસવીર એવી રીતે દોરે છે કે તે કલાકૃતિ બને. મૂળે સાહિત્યકાર સમાજનો ચિત્રકાર છે.

જ્યારે પત્રકાર જીવનનું અર્થઘટન કરે છે. પત્રકાર માટે ભાષા કેવળ સાધન છે, જે સાહિત્યકાર માટે સાધ્ય છે. આમ, પત્રકાર સામાજિક જીવન અને બનતા બનાવોની પાછળ કામ કરતાં પરિબળો રજૂ કરી પ્રત્યાઘાત આપવાની સાથે-સાથે જુદી-જુદી ઘટનાઓ દ્વારા સમાજની તસવીર રજૂ કરે છે. એટલે, પત્રકાર સમાજનો ફોટોગ્રાફર છે.

જેમ અંગ્રેજી પત્રકારત્વએ ડેનિયલ ડીફો, આનાતૉલ ફ્રાન્સ, ચાર્લ્સ ડિકન્સ, રુડયાર્ડ કિપલિંગ, ઍડવિન આર્નોલ્ડ, સ્કૉટ, સર હ્યુ વૉલપોલ અને બર્નાર્ડ શૉ જેવા સંખ્યાબંધ સાહિત્યકારો આપ્યા તે રીતે ગુજરાતી પત્રકારત્વએ પણ ક.મા.મુનશી, ગુણવંતરાય આચાર્ય, કવિ નર્મદ, ઝવેરચંદ મેઘાણી, ગાંધીજી, ચૂનીલાલ મડિયા, કાકા કાલેલકર, નરહરિ પરીખ અને મહાદેવ દેસાઇ જેવા સબળ સાહિત્યકારો આપ્યા છે.

આમ, પત્રકારત્વ અને સાહિત્ય ખરા અર્થમાં તો એકબીજાને હંમેશાં પૂરક રહ્યા છે, એટલે કોણ પહેલાં અને કોણ પછીની હરીફાઇમાં ઉતરવા જેવું નથી.

**પ્રા. માધવ આસ્તિકઃ** સાંપ્રત સમયમાં પત્રકારત્વનું સામાજિક પ્રદાન અને જવાબદારી શું ?

**ડૉ. સંજય કચોટઃ** ખરેખર તો પત્રકારત્વ-માધ્યમોની સામાજિક જવાબદારી ઘણી જ મોટી છે. એક સમય હતો-જયારે રાજા રામમોહનરાય, બી.જી.ટિળક, ગાંધીજી, શ્યામજી કૃષ્ણવર્મા, દાદાભાઇ નવરોજી, મેડમ ભીખાઇજી કામા જેવા ક્રાંતિકારી સર્જકો અને અખબારનવેશોએ સ્વાતંત્ર્યતાની લડતને લઇને કે સતીપ્રથા નાબૂદી, બાળકીઓને દૂધપીતી કરવાના કુરિવાજ, વિધવા વિવાહને ઉત્તેજન, અસ્પૃશ્યતા નિવારણ અને સામાજિક સમરસતા સ્થાપવાના ઉમદા હેતુસર પત્રો ચલાવેલા. નર્મદનું 'ડાંડિયો' અને કરશનદાસ મૂળજીનું 'સત્યપ્રકાશ' તો સામાજિક સંચેતના અને ધાર્મિક પાખંડ-વિતંડાવાદને દૂર કરવાના જાણે પર્યાય બની ગયા હતા !

પરન્તુ સમય જતાં-એટલે કે પ્રવર્તમાન સ્થિતિમાં પત્રકારત્વએ વ્યાવસાયિક રૂપ ધારણ કર્યું છે. અખબાર માધ્યમોના માલિકો નફો રળી લેવાની લાલચમાં સમાચારને 'ઇન્ફોટેઇનમેન્ટ'નું વરવું સ્વરૂપ આપી રહ્યા છે. દેશની પ્રાથમિક-મૂળભૂત સમસ્યાઓ-ગરીબી, ભૂખમરો, વર્ગ-જાતિ વિગ્રહ, નિરક્ષરતા, આરોગ્ય, કૃષિ-સહિતની ગંભીર બાબતો અંગે પત્રો-ચેનલોમાં જગ્યા આપવાને બદલે સસ્તા, ચટપટા અને સનસનાટીભર્યા સમાચારો-ગોસીપ લોકોને પીરસીને તેમની સામાજિક જવાબદારીથી વેગળા થઇ રહ્યા છે. આ પરિસ્થિતિ ખરેખર જ દુઃખદ છે.

જીવનનિર્વાહ ચાલી જાય અને મહદ્અંશે વ્યાવસાયિક ફાયદો મળી ગયા બાદ સમાજ પ્રત્યેની થોડીક જવાબદારીનું વહન પણ જો અખબાર-માધ્યમના માલિકો કરી શકે તો પણ રાષ્ટ્રનિર્માણમાં પત્રકારત્વ ઘણું મોટું યોગદાન આપી શકે તેમ છે.

જોકે, આ મુદ્દે બજારની ગળાકાપ સ્પર્ધા અને ભારતીય માધ્યમોની ઓનરશીપ પેટર્ન પણ એટલી જ જવાબદાર છે.

**માધવ આસ્તિકઃ** આ સમસ્યાના નિવારણ માટે પત્રકારત્વનું શિક્ષણ કેટલું આવશ્યક ?

**ડૉ. સંજય કચોટઃ** મને લાગે છે કે- પત્રકારત્વનું શિક્ષણ અને તાલીમબદ્ધ તથા સંવેદનશીલ પત્રકારોની આજે સમાજને તાતી જરૂરિયાત છે. પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક, પોર્ટલ, પીઆર, એડવર્ટાઇઝીંગ-જેવા માધ્યમોના અલગ-અલગ ક્ષેત્રો, પ્રોગ્રામિંગ-પ્રોડકશનની પદ્ધતિસરની તાલીમ અને સાંપ્રત રાજકીય-સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક પ્રવાહોની જાણકારી સાથેનો તાલીમબદ્ધ યુવાન પત્રકાર વધુ જાગરૂકતા-સમજદારી અને સભાનતાપૂર્વક વર્તીને દેશની વાસ્તવિક પરિસ્થિતિને વિવિધ માધ્યમોથી સચોટરૂપે રજૂ કરી શકશે. આ દિશામાં રાજયમાં પ્રયત્નો શરૂ થઇ ચૂકયા છે. અને અમારી કૉલેજ ધોરણ-૧૨ પછીના પત્રકારત્વના સ્નાતક કક્ષાનું શિક્ષણ આપતી રાજયની પ્રથમ સંસ્થા છે.

**પ્રા. માધવ આસ્તિકઃ** આ પુસ્તક દ્વારા કોઇ સંદેશ આપવા ઇચ્છો છો ?

**ડૉ. સંજય કચોટઃ** એટલું તો ચોક્કસ કહીશ કે- આપણે ત્યાં ઘણું ઉત્તમ લેખન-સાહિત્યનું સર્જન થયું છે. હા, લોકો-ખાસ કરીને વિદ્યાર્થીઓ તે વાંચે. ઉત્તમોત્તમ કૃતિઓ લોકો સુધી પહોંચે. સોશિયલ મીડિયાના આ જમાનામાં સોશિયલ મીડિયા, બ્લોગ્સ, કિન્ડલ કે ઇ-બૂકસના માધ્યમથી લખાયેલું ખૂબ વંચાય તે ખૂબ જરૂરી છે. મહેન્દ્રભાઇ મેઘાણીએ 'મિલાપ' સામયિક અને 'અર્ધી શતાબ્દિની મારી વાંચનયાત્રા'થી દેશ-દુનિયાની સુંદર સાહિત્ય-રચના-કૃતિઓને સ-રસ રીતે સંપાદિત કરીને વાંચકો સમક્ષ મૂકી છે. આપણા પૂર્વસૂરિઓએ સાહિત્યિક-સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે કરેલા પ્રદાનને નવી પેઢી જાણે તેવી મારી લાગણી છે. આ પુસ્તકોનો પરિચય કેળવીને વિદ્યાર્થીઓ વિકાસલક્ષી પત્રકારત્વ તરફ વળે અને સંવેદનશીલતા કેળવે એટલી મારી નમ્ર અરજ છે.

(મુલાકાતઃ- 'ડીડી ગિરનાર ચેનલ' પરથી પ્રસારિત થયેલ છે.)

(આલેખનઃ ડૉ. સંજય કચોટ, અધ્યાપક, ઇલસાસ, મો. ૯૯૨૫૮૪૭૩૭૪)

## મહત્તમ મિનીંગફુલ નામ- 'મહાશ્વેતા દેવી'

**મનોજ માલ્યાવંશી**

મહાશ્વેતા દેવી માત્ર બંગાળી જ નહીં પરંતુ સમગ્ર ભારતીય સાહિત્યજગતમાં મહત્ત્વનું નામ. એ નામધારી શરીર તા.૨૮ જુલાઇ ૨૦૧૬ના રોજ આપણી વચ્ચેથી ચાલી ગયું. અહીં પ્રસ્તુત છે એ લેખિકા વિશે થોડીક વિગતો. મહાશ્વેતા દેવીનો જન્મ ૧૪-૦૧-૧૯૨૬ના રોજ ઢાકા (તે સમયના ભારત-બંગાળના પ્રાંતમાં, હાલ બાંગ્લાદેશ) ખાતે અને મૃત્યુ ૨૮-૦૭-૨૦૧૬ ના રોજ કલકત્તા ખાતે. તેમણે શરૂઆતનું શિક્ષણ ઢાકામાં લીધું હતું અને ભારતના ભાગલા થતાં તેઓ પશ્ચિમ બંગાળમાં સ્થળાંતર કરે છે. રવીન્દ્રનાથ ટાગોરે સ્થાપેલ શાંતિનિકેતન-વિશ્વભારતી યુનિવર્સિટીમાંથી અંગ્રેજી વિષય સાથે બી.એ. અને કલકત્તા યુનિવર્સિટીમાંથી એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો. સાહિત્યની સમજ તો તેમને વારસામાં જ મળેલી કારણ કે પિતા મિનષ ઘટક કવિ અને નવલકથાકાર હતા તેમજ માતા ધરિત્રી દેવી લેખિકા અને સામાજિક કાર્યકર્તા તરીકે પ્રવૃત હતાં. તેમના પિતાના ભાઇ ઋત્વિક ઘટક જાણીતા ફિલ્મકાર રહ્યા છે. એટલે આ બધાં સર્જન પ્રવૃત્તિનાં પોષક પરિબળો પણ મહત્ત્વનાં બની રહ્યાં એ વાતમાં કોઇ બેમત નથી. પરંતુ મહાશ્વેતા દેવીની માણસાઇથી ભરેલી મેચ્યોરિટી એ તેમની પોતાની સર્જક તરીકેની કમાણી છે. માત્ર સર્જક તરીકે જ નહીં પરંતુ ભારતના સામાજિક અને રાજકીય જીવનમાં પણ તેઓ સક્રિય રહ્યાં હતાં અને એટલે જ મહત્ત્વના નેતાઓ પણ તેમના અવસાનને મોટી ખોટના રૂપમાં જુએ છે. બંગાળી સાહિત્યની વાત કરીએ એટલે રવીન્દ્રનાથ, શરદચંદ્ર, કાઝી નઝરૂલ ઇસ્લામ, બુદ્ધદેવ બસુ, કાઝી ઇમ્દાદુલ હક, લુત્ફર રહમાન, અચિંત્યસેન ગુપ્તા, વિભૂતિમોહન બેનરજી, વિભૂતિભૂષણ, સુબોધ ઘોષ, નારાયણ ગંગોપાધ્યાય, સતીનાથ ભાદુડી, આશાપૂર્ણા દેવી, માણિક બંદોપાધ્યાય, તારાશંકર બંદોપાધ્યાય, સુનીલ ગંગોપાધ્યાય જેવા નામો નોંધવા પડે એમાં મહાશ્વેતા દેવી પણ બંગાળી સાહિત્યનું તેજસ્વી નામ છે. નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર તરીકે ખ્યાત આ લેખિકાને મળેલાં માન સન્માન ઉપર એક નજર નાખીએ.

- બંગાળી સાહિત્ય અકાદમી એવોર્ડ-૧૯૭૯
- પદ્મશ્રી-૧૯૮૬
- જ્ઞાનપીઠ એવોર્ડ-૧૯૯૬
- રેમન મેગ્સેસે એવોર્ડ-૧૯૯૭
- પદ્મ વિભૂષણ-૨૦૦૬
- સાર્ક લિટરરી એવોર્ડ-૨૦૦૭
- યશવંતરાવ ચૌહાણ નેશનલ એવોર્ડ-૨૦૧૦
- બંગ વિભૂષણ-૨૦૧૧

'હજાર ચોરાસીર મા', 'અરણયેર અધિકાર', 'ઝાંસીર રાની' જેવી મહત્ત્વની કૃતિઓ દ્વારા આ લેખિકા ખ્યાત બન્યાં હતાં. લગભગ સો જેટલી નવલકથા અને વીસ જેટલા વાર્તાસંગ્રહો તેમણે આપ્યા છે. વંચિતોના વિકાસની ગાથા આપણા મોટા ભાગના નેતાઓ ચબરખીઓ ગોખીને ઇકો સાઉન્ડ માઇક ઉપર બનાવટી હાવ ભાવ સાથે કરતા રહેતા હોય તેવા સમયમાં આ લેખિકા સર્જન અને પ્રવૃત્તિ એમ બન્ને દ્વારા વંચિતોના મસિહાની જેમ ઉભરી આવે એ ભારત દેશમાં ધન્ય ઘટના જ લેખાય. તેમની વાર્તાઓના હિન્દી અનુવાદક ડૉ. માહેશ્વર મહાશ્વેતા દેવીનાં જે કથનની નોંધ કરે છે તે જુઓ-साहित्य को केवल भाषा, शैली और शिल्प की कसौटी पर रख कर देखने के मानदंड गलत है। साहित्य का मूल्यांकन इतिहास के परिप्रेक्ष्य में होना चाहिए। किसी लेखक के लेखन को उसेक समय और इतिहास के परिप्रेक्ष्य में रख कर न देखने से उसका वास्तविक मूल्यांकन नहीं किया जा सकता। मैं पुराकथा, पौराणिक चरित्र और घटनाओं को वर्तमान के परिप्रेक्ष्य में फिर से यह बताने के लिए लिखती हूँ की वास्तव में लोककथाओं में अतीत और वर्तमान एक अवच्छिन्न धारा के रूप में प्रवाहित होते हैं। यह ''अवच्छिन्नि धारा' भी वायवीय नहीं है, बल्कि जात-पात खेत और जंगल पर अधिकार और सबसे उपर सत्ताधारी वर्ग की सत्ता के विस्तार तथा उसे कायम रखने की पद्धति को केन्द्र में रख कर निम्न वर्ग के मनुष्य के शोषण का क्रमिक इतिहास है। સર્જક તરીકેની તેમની મૂળભૂત વિચારધારા તેમનાં આ કથનમાંથી સારી રીતે પામી શકાય છે. નકસલવાદની નરી વાસ્તવિકતા 'હજાર ચોરાસીર મા' નવલકથામાં ઉભરી આવે છે. વાંચવાનું શક્ય ન બને તો કમ સે કમ એ નવલકથાને આધારે બનેલી 'હજાર ચોરાસી કી મા' ફિલ્મ જોવા જેવી છે. સ્વતંત્ર વિચારધારાના યુવકના કહેવાતા એવા સભ્ય કુટુંબનો નાલાયક નકશો અહીં સારી રીતે દોરાયેલો છે. નાયક વ્રતીની માની ભૂમિકામાં જયા ભાદુરીએ યાદગાર અભિનય કર્યો છે. પોતાના મૃત દીકરાના જીવન અને જીવનશૈલીને સતત જાણવા મથતી મા-માનસિક સંઘર્ષ વેઠતી મા, તો એની સામે માત્ર સમાજમાં નકસલવાદી મૃત પુત્રના સ્વજન તરીકે ઓળખાય ન જવાય અને એને લીધે બીજી કોઇ રાજકીય, સામાજિક તકલીફોનો સામનો ન કરવો પડે એની ચિંતા કરતા વ્રતીના પિતા, ભાઇ

બહેન છે... એક અધ્યાપક મિત્ર પાસેથી જાણવા મળ્યું કે આ નવલકથા માત્ર એક રાતમાં લખાયેલી છે, સર્જક તરીકે કેવો મનોસંઘર્ષ વેઠાયો હશે એ રાત દરમિયાન ? મહાશ્વેતા દેવીએ નક્સલના વિષયને લાગણી સાથે એવો ગૂંથી લીધો છે કે એનું કલાકીય મૂલ્ય આપોઆપ વધી જાય છે. એટલે જ તો આ કૃતિને જ્ઞાનપીઠ એવોર્ડ મળે છે. વળી તેમની 'અરણ્યેર અધિકાર' નવલકથા તો આદિવાસી નેતા બિરસા મુંડાના જીવનને આલેખતી કૃતિ છે. નીચલા અને નબળા વર્ગ માટે સતત લડત લડતાં આ લેખિકા આદિવાસી જન માટે લડનારા બિરસા મુંડાને પણ કૃતિમાં જીવિત કરે છે. તેમની 'ઝાંસીર રાની' નવલકથા રાણી લક્ષ્મીબાઈના જીવનને આલેખતી કૃતિ છે. આ કૃતિ માટે ઈતિહાસના તથ્યોને તપાસવા લેખિકાએ ખુદ જે તે સ્થળે જઈને-મુલાકાત કરીને વિષયને માવજત આપેલી તે વાત ખુદ લેખિકાએ ૨૦૦૯ ના ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૫મા અધિવેશનમાં નવસારી ખાતે પોતાના ઉદ્ઘાટન વક્તવ્યમાં કરેલી. તેમની ટૂંકી વાર્તાઓ ઉપરથી પણ 'સંઘર્ષ' (ઈ.સ.૧૯૬૮, દિલીપકુમાર-વૈજ્યંતિ માલા, બલરાજ સાહની, સંજીવ કુમાર) 'રુદાલી' (ઈ.સ.૧૯૯૩, ડિમ્પલ કાપડિયા, રાજ બબ્બર, રાખી, અજમદ ખાન) જેવી મહત્ત્વની ફિલ્મો બની છે. મૂળ બંગાળીમાં લખાયેલું તેમનું મોટા ભાગનું સાહિત્ય અન્ય ભાષાઓમાં અનુવાદિત થયેલું છે. લેખન સાથે સાથે આદિવાસીઓ, સ્ત્રીઓ તેમજ દલિતોના હક માટેની લડતમાં તેઓ સતત સક્રિય રહીને શોષણ કરનારાઓને હંફાવે પણ છે. પશ્ચિમ બંગાળની લોઢા અને સાબર નામની આદિવાસી જનજાતિના હક માટે તેમણે લડત ચલાવેલી તેમજ આદિવાસી નેતા બિરસા મુંડાનું પૂતળું મુકાવવા માટે પણ લડત ચલાવી હતી.

જીવન સાથે જોડાયેલ સાહિત્યને જ સાચું સાહિત્ય માનનાર આ લેખિકા પોતાના લેખન માટેની પ્રેરણાના સંદર્ભમાં આવું કંઈક કહે છે- 'I have always believed that the real history is made by ordinary people. I constantly come across the reappearance, in various forms, of folklore, ballads, myths and legends, carried by ordinary people across generations... The reason and inspiration for my writing are those people who are exploited and used, and yet do not accept defeat. For me, the endless source of ingredients for writing is in these amazingly noble, suffering human beings. Why should I look for my raw material elsewhere, once I have started knowing them? Sometimes it seems to me that my writing is really their doing.'

સામાન્ય માણસ દ્વારા જ ઈતિહાસ રચાતો હોવાની સ્પષ્ટ માન્યતા ધરાવનાર આ લેખિકાના લેખન માટે એવા લોકો પ્રેરણાબળ પૂરું પાડે છે કે જેઓનો ઉપયોગ અને શોષણ થાય છે તેમ છતાં જેઓ હાર નથી માનતા. સહન કરતો માણસ એમના સાહિત્યની કાચી સામગ્રી છે. ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૦૦૯ ના અધિવેશનમાં તેમણે જે વાતો કરી હતી તે પરબના જાન્યુઆરી ૨૦૧૦ ના અંકમાં અહેવાલરૂપે છપાયેલી તે કંઈક આવી હતી. ''જે શબ્દમાં માટીની સુગંધ નથી હોતી તે શબ્દ શા કામનો?'' મારું સાહિત્ય સંઘર્ષનું સાહિત્ય છે. હિંસાની હું સમર્થક નથી. ''જીવન સાથે જોડાયેલ સાહિત્ય એ સાચું સાહિત્ય છે. અન્યાય, હિંસાની સામે અવાજ ઉઠાવવો જોઈએ.'' વગેરે... વળી લેખિકા નવસારીના આંગણે હોય અને નવસારીમાં રહેતા સમકાલીન સમર્થ દરિયાઈ કથાસર્જક નાઝીર મનસૂરીનું નામ લેવાનું પણ ચૂક્યાં નહીં એ વાત પણ નોંધનીય બની રહેલી. અને એટલે આ બધા કારણોને લીધે જ 'મહાશ્વેતા દેવી' એ નામ ખરેખર મહત્તમ મિનીંગફુલ નામની એક અમીટ છાપ છોડે છે... ગુજરાતમાં જે સમયે દલિતો ઉપર થયેલા અત્યાચારની ઘટનાને કારણે આખા ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં આંદોલનો, હડતાલ, આગચંપી વગેરેના બનાવો, અને એ સ્થિતિ ઉપર ચર્ચાઓ, ચાલી રહી હતી, ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હતી તેવા સમયે જાણે કે સમગ્ર રાષ્ટ્રના આદિવાસીઓ-શોષિતો-દલિતો -પીડિતોની દેવી 'મહાશ્વેતા દેવી' આપણી વચ્ચેથી શરીરરૂપે ચાલી ગઈ... અને આ ખોટ નેતાઓના કે કોઈના પણ સુંદર શબ્દોની શ્રદ્ધાંજલિ દ્વારા પુરાઈ શકે તેમ નથી. આપણે હંમેશાં આ મહત્તમ મિનીંગફુલ નામને મિસ કરતા રહીશું એ વાતમાં કોઈ બેમત નથી.

**સંદર્ભ:**


૧. આધુનિક ભારતીય સાહિત્ય, અનુ-જયંત, બક્ષી, મનસુખલાલ ઝવેરી, સાહિત્ય અકાદમી-નવી દિલ્હી, પ્ર.આ.૧૯૭૬, કાઝી અબ્દુલ વહદ કૃત 'બંગાળી સાહિત્ય' નામક લેખ.
૨. મહાશ્વેતા દેવી કી શ્રેષ્ઠ કહાનિયાં, અનુ. ડૉ. માહેશ્વર, નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા, સાતમી આવૃત્તિ-૨૦૧૦. ભૂમિકા લેખ-પૃ.૭
૩. પરબ ઓનલાઈન જાન્યુઆરી ૨૦૧૦ નો અંક, અજય પાઠક, કૃત 'પરિષદ અધિવેશનનો અહેવાલ'
૪. વિકિપીડિયા ધ ફ્રી એન્સાયક્લોપીડિયા.



(આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
એપીજે અબ્દુલ કલામ ગવર્મેન્ટ કૉલેજ, સિલવાસ)

॥ સાંપ્રત ॥

## તરુણાવસ્થા અને સબસ્ટેન્સ એબ્યુઝ

**શારદા જોષી**

સબસ્ટેન્સ એબ્યુઝ એટલે નશીલા પદાર્થોનો અતિરેક સેવન અથવા વ્યસન. દુર્ભાગ્યવશ આપણા દેશના યુવાનમાં તરુણ, તરુણીઓમાં સબસ્ટેન્સ એબ્યુઝ ખૂબ જ મોટા પ્રમાણમાં જોવા મળે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબ્લયુએચઓ)ના ૨૦૧૪ના સર્વે મુજબ ૧૯% છોકરાઓ અને ૮.૩% છોકરીઓ બીડી-સિગારેટ પીએ છે. ૧૧.૧% છોકરાઓ અને ૬% છોકરીઓ તમ્બાકૂ ખાય છે. અને ૧૫ વર્ષથી મોટી આયુના ૨૧.૯% યુવાનો અને ૨.૩% યુવતીઓ ધુમ્રપાન કરે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના ૨૦૧૦ ના સર્વે પ્રમાણે જાણવા મળ્યું છે કે દેશના ૩૨.૧ % છોકરાઓ અને ૧૦.૬ % છોકરીઓ શરાબનું સેવન કરે છે.

દેશનું યુવાધન ગુટખા, સોપારી, પડીકી, તમ્બાકૂ, બીડી-સિગારેટ, દારૂ, અફીણ, ચરસ, ગાંજા, ડ્રગ્સ વગેરે નાની ઉંમરથી જ ખાવા માંડે છે. આ બધા નશીલા પદાર્થોની ટેવને કારણે દેશના યુવાધનનો નાશ થઇ રહ્યો છે. આ જોતાં દેશના વાલીઓ, શિક્ષિતજગત, સમાજ અને સરકાર દેશની યુવા પેઢી વિશે ખૂબ જ ચિંતિત છે.

આ બધા નશીલા પદાર્થો શરીર માટે હાનિકારક હોવાથી શરીર અને સ્વાસ્થ્ય ખરાબ થવા માંડે છે. આ પદાર્થો શરીરના તાપમાન પર, બ્લડપ્રેશર પર, નાડીના ધબકારા પર અને સંવેદન શક્તિ પર અસર કરે છે જે પાછળ જતાં વિભિન્ન બીમારીઓને નોંતરે છે. કેટલાક યુવાનો ડિપ્રેશન (મનોરોગ)ના ભોગ બની જાય છે તો કેટલાક રીબાઇ-રીબાઇને મરી જાય છે. કેટલાંક કેન્સર અને એઇડ્સ જેવી ભયંકર બીમારીના ભોગ બની જાય છે તો કેટલાક સામાજિક અને આર્થિક સમસ્યાથી પીડાય છે. પરિણામે પરિવારના પરિવાર નષ્ટ થઇ જાય છે.

આજના યુવાનો વ્યસનના પરિણામોથી અવગત હોવા છતાં કેમ એના ગુલામ બની જાય છે એ સમજાતું નથી. અનુસંધાનો દર્શાવે છે કે તેને માટે કેટલાક કારણો જવાબદાર હોય છે જેમ કે-,

- મિત્રોનું દબાણ (પિયર પ્રેશર)
- પ્રતિષ્ઠા, મોભો, અને ફેશન
- આર્થિક કારણ-ગરીબી, બેરોજગારી, અન્યાય, અસમાનતા, અછત, તનાવ, ભેદભાવ વગેરે
- મનોવૈજ્ઞાનિક કારણો- ભય, તાણ, વર્તનલક્ષી સમસ્યા, નકારાત્મક વલણ, વ્યાકુળતા, અસફળતા, પરિવારિક સમ્બન્ધો.
- સ્વ-નિયંત્રણનો અભાવ
- રાજનીતિક કારણ
- શૈક્ષણિક અને વ્યાવસાયિક અસફળતા
- અસામાજિક તત્ત્વો
- માસ મીડિયાની અસર.

કારણ કોઇ પણ હોય, પણ આજના સમયમાં સબસ્ટેન્સ એબ્યુઝ ખૂબ જ મોટી સમસ્યા બની ગઇ છે. સરકાર તેને અટકાવવા માટે કેટલાક નીતિ-નિયમો લાગુ કરી રહી છે છતાં પણ આ બધા પદાર્થો ચોરી-છૂપીથી લોકો ખરીદી રહ્યા છે અને ખાઇ રહ્યા છે. એટલે સમસ્યા જેમની તેમ ઉભી છે તે દર્શાવે છે કે સરકારી નીતિઓ સિવાય વડીલો, સામાજિક કાર્યકરો અને યુવાનોએ પણ એની રોકટોક માટે આગળ આવવાની જરૂરત છે. યુવાનોએ એવા પદાર્થો ના ખાવા માટે સ્વ-નિયંત્રણ રાખવું જોઇએ.

- ધાર્મિક અને આધ્યાત્મિક વૃત્તિમાં રસ કેળવવો જોઇએ.
- મિત્રોના દબાણમાં આવવું જોઇએ નહીં.
- ભલે મફતમાં આપે એવી વસ્તુ ખાવાની ના પાડવાની હિંમત બતાવવી જોઇએ.
- જીવન પ્રતિ હકારાત્મક વલણ વિકસાવવું જોઇએ.
- તાણ અને ચિન્તામુક્ત જીવનશૈલી અપનાવવી જોઇએ.
- સારા પારિવારિક સમ્બન્ધો વિકસાવવા જોઇએ.
- વડીલોનું માર્ગદર્શન, સલાહ-સૂચન લેતા રહેવું જોઇએ.
- જરૂરત પડે તો કાઉન્સલર અને ડોકટરના સલાહ સૂચન પણ લેવા જોઇએ.

વાલીઓ તેમજ વડીલોએ બાળ-ઉછેરમાં સાવચેતી રાખવી જોઇએ. સારા પારિવારિક મૂલ્યો અને સમ્બન્ધો વિકસાવવા પર ખાસ ધ્યાન આપવું જોઇએ. તરુણ- તરુણીકાઓને સમય સમય પર સાચું માર્ગદર્શન આપતાં રહેવું જોઇએ.

સરકારે પણ યુવાશક્તિનો બગાડ અટકાવવા માટે કઠોર નીત-નિયમો અને કાનૂન બનાવવા જોઇએ. અને આ સાથે રોજગારની ૧૦૦% તકો ઊભી કરવી જરૂરી બને છે.

જો યુવાનો, પરિવારો, સમાજના લોકો અને સરકાર સાથે મળીને ચોકકસ દિશામાં અસરકારક કાર્ય કરશે તો આ સમસ્યાનો ઉકેલ આવી શકશે. અને આપણે યુવાનોને, પરિવારોને નષ્ટ થવાથી બચાવી શકીશું અને તેઓની કુટેવ અને કુમોતને અટકાવી શકીશું.

(એસો. પ્રોફેસર, એસ.એમ. પટેલ
કૉલેજ ઓફ હૉમ સાયન્સ, વલ્લભ વિદ્યાનગર)

॥ લઘુકથા ॥

## જોગર્સ પાર્ક

**સોનલ ઠાકર**

હમણાંનો પાર્કમાં સવારે ચાલવા જતાં ખચકાટ થતો હતો. જાઉં કે ન જાઉં ? એમ કરું ? સ્હેજ મોડી જાઉં ? ક્યાંકનો પેલો.....પણ હશે?

હવે એવા તો કેટલાય હોય. મેં મનને ટપાર્યું. જો ને પેલાં ઈંગ્લિશ સ્કૂલના ટીચર કેટલી મોટી ઉંમરનાં છે. તો પણ મને જોઈને તરત સામેથી 'ગુડ મોર્નિંગ' કહે છે. હા, પણ એ તો સ્ત્રી છે એક સ્ત્રી બીજી સ્ત્રીનું અભિવાદન કરે એમાં કાંઈ અજુગતું નથી. એમ તો સામેના બંગલાવાળા વલ્લભકાકાનો મોન્ટુ પણ 'મોર્નિંગ' જેવા ઉચ્ચારના હોઠ હલાવે છે. પણ મોન્ટુ તો ખૂબ યંગ છે. યંગસ્ટર તો મને આંટી સમજીને કહે જ ને. પણ પેલો ?...

'લક્ષ્મી કુંજ' વાળા દિપેનભાઈના બિઝનેસ પાર્ટનર રોહિતભાઈ -બેઠી દડી, મરક મરક થતું મોઢું અને જ્યારે કેનેડાથી ઈન્ડિયા આવે ત્યારે ખુલ્લું વાતાવરણ જોઈને કસરત કરવા નીકળી પડે. ભલે વાળ બધા શ્વેત થઈ ગયા છે પણ પાર્કમાં તો જે સ્ફૂર્તિથી ચાલે. માય ગોડ! અને કેનેડિયન ઉચ્ચારથી 'ગુડ મોર્નીંગ' બોલે. મારાથી યે સામે એવા જ ઉચ્ચારમાં કહેવાઈ જાય. આ પણ મને સહજ લાગે છે. પણ પેલાનું તો બોલવાનું જ....? ક્યારે વોકીંગ પથના રાઉન્ડમાં પાછળથી સાથે થઈ જાય છે એ જ ખ્યાલ નથી આવતો.

આજે તો બરાબર ધ્યાન રાખવું છે કે સાથે ન થઈ જાય; જય શ્રીકૃષ્ણનો ગણગણાટ કરીને આગળ ન નીકળી જાય.

જોઉં છું હું પાર્કની ડાબી સાઈડ પર છું અને એ સામેની. ઘણું અંતર છે. હાશ! આજે શાંતિથી ચાલીશ. કોઈ ટેન્શન નહીં. લલીતા આંટી આવી રહ્યાં છે. ''કેમ છો, આંટી ? બહુ દિવસે દેખાયાં''? ''હાં બેટી ! સાઉથ ગઈ થી. મેરે ભાઈ સે મિલને. કેરાલા. બીસ દિન વહાં રહ કે આઈ''. ''આપ તો ફાસ્ટ ચલતી હો તો આગે ચલો. કોઈ બાત નહિં''. આંટીએ મને કમ્ફર્ટ આપી. હું આગળ ચાલવા લાગી છું. સારું લાગે છે. એટલી પળો માટે પેલો ગણગણાટનો ડર પણ ભૂલાઈ ગયો. ડર ભૂલાતાં જ મારી ચાલવાની સ્પીડ ઓછી થઈ ગઈ છે. મનમાં કોઈક ગીત વિચારું છું અને ત્યાંજ.....'જય શ્રીકૃષ્ણ' બોલીને આગળ નીકળી ગયો.

હે ભગવાન આટ આટલું ચેતવા છતાં....ચહેરો જોવાનોય સમય નથી રહેતો એનો.

આ મને પસંદ નથી. અંદરથી એક ભય જેવું લાગે છે. એ મને ઓળખતો હશે? કઈ રીતે ? ગેરલાભ ઉઠાવતો હશે? ચહેરો જોયા વગર કઈ રીતે કોઈ પણ જાતના conclusion પર આવું ? ઘણી વ્યક્તિઓ વહેલી સવારે નીકળે એ બધાને 'જય શ્રીકૃષ્ણ'કહેતી હોય છે. આ વ્યક્તિ પણ એ જ રીતે મને કહેતી હશે? જો એમ માનીને ચાલુ તો મનમાં ભય નહીં રહે અને શંકા વગર ચાલી શકીશ એમ વિચારું છું.

ભૂતકાળમાં એવુ થયું હતું મારાથી. કોઈક good faith માં વાત કરે પણ રીત એવી હોય કે માઠું લાગી આવે અને બોલાચાલી થઈ જાય.

આમાં ખરાબ નથી વિચારવું. બસ એક વખત ચહેરો ઓળખાય એટલે વાત પતે. કાલે વાત.

વહેલી સવાર છે. આજે તો ચહેરો જોઈને જ રહું. ધીમે ધીમે ચાલું છું. થોડી વારે પાછળ જોઈ લઉં છું. ક્યાંય એ 'ચાલ' દેખાતી નથી. આવશે....રોજની જેમ જ ....અચાનક....થોડોક ડર મનમાં પેસી ગયો છે, એક રાઉન્ડ પૂરો થયો. આજે ચહેરો જોવાની તાલાવેલી છે ત્યારે જ? બીજો રાઉન્ડ પૂરો થયો. બાંકડા પર બેસી ગઈ. આજે વ્યક્તિ મળી જ નથી તોય મનમાં ઉચાટ? ચાલ હવે ઘરે જાઉં. 'પેલો' clockwise ચાલે છે. હું પણ clock wise જ ચાલું છું. કાલે anticlockwise ચાલીશ. પછી એકદમ સામસામે આવી જશું એટલે જોરથી કહીશ 'જય શ્રીકૃષ્ણ'.

સામેથી લલિતા આંટી આવી રહ્યાં છે. એ જ ઉત્સાહ ''કૈસી હો ? ''મૈં ઠીક હું.''આપ ? બસ ચલ રહા હૈ. આજ થોડા બીઝી હો ગઈ. સેકન્ડ ફ્લોર વાલે રાજેશભાઈ કી ડેથ હો ગઈ. કાફી છોટી ઉમ્રથી. નૌકરી છૂટ ગઈ થી. નેચર બહોત અચ્છા થા. પાર્ક મેં સભી કો 'જય શ્રીકૃષ્ણ'કહતે થે. કભી કિસીસે એક્સપેક્ટ નહિ કરતે થે.''

('બ્રહ્માણી એપાર્ટમેન્ટ, ૨ ફ્લોર વે- મેઈડ કોલેજ રોડ, વ.વિ.નગર - ૩૮૮૧૨૦, મો. ૯૩૭૫૦૨૯૫૪૬)

જીવન આપણે ધારીએ છીએ એટલું દુઃખમય નથી
પણ એને આપણે ધારીએ છીએ એટલું સુખમય
જરુર બનાવી શકાય.

॥ચિંતન॥

## પુસ્તકાલયઃ મારા વાંચકોને કોઈ શોધી આપશો?

**શ્વેતા શરદકુમાર ચૌહાણ**

જીવનના અનેક કાર્યોની જનની છે વિચાર. પ્રશ્ન એ છે કે આ વિચાર મળે કયાંથી? બજારમાં વેચાતા મળે? કોઇ તેને વેચી કે ખરીદી શકે? ઉત્તર એક અને માત્ર એક જ છે.. ના. આ વિચાર વિકાસનો એક માત્ર ઉપાય છે વાંચન.

વિચારરૂપી બીજનું વટવૃક્ષ વાંચન થકી જ થાય છે આ વાંચન છે કયાં ? ઉત્તરઃ પુસ્તકોમાં... પુસ્તકો કયાં ? .... ઉત્તરઃ પુસ્તકાલયમાં પરંતુ આ નામ આવતાં જ કંઇ કેટલાયને પ્રશ્નો મનમાં થવા લાગે. આ તો વૃદ્ધોનું કામ... આંખો દુખાડે.... સમય જ કયાં છે? ... હાથમાં લેતાં જ બગાસાં આવે... ઊંઘ આવે.. જેવા અસંખ્ય નકારાત્મક વલણો વળગી પડે છે. પુસ્તકો આપણા પ્રિય અને શુભચિંતક મિત્રો છે એ આપણને સમજાયું નથી.

ટેકનોલોજીની આંધળી દોટ અને હરીફાઇના યુગમાં આપણે આ પુસ્તકોને વિસરતા ગયા છીએ. વિદ્યાર્થીઓ પુસ્તક વિમુખ થઇ ગયા છે. તેમને પાછા વાળવાના છે જે વડીલો અને શિક્ષકો જ કરી શકે તેમ છે.

બી.એડ્. કોલેજમાં અધ્યાપિકા તરીકે કાર્યરત હોઇ અનેક શાળાની મુલાકાતે જવાનું થાય. તાલીમાર્થીઓના પાઠ લેવાના હોવાથી મારે પણ તેઓ સાથે સંપૂર્ણ દિવસ શાળામાં વિતાવવો પડે. પુસ્તકાલય અને પ્રયોગશાળા બે મુખ્ય રસના વિષયો હોવાથી અચૂક મુલાકાત લેવાનું મન થાય. શાળામાં પુસ્તકાલય કે જે વિદ્યાર્થીના બાળ માનસને, તેના વિચારોને વિકસાવે, સમૃદ્ધ કરે, નવો પ્રાણ ફૂંકે તે હવે રાહ જોણ થઇ ગયા હોય તેવું મેં અનુભવ્યું. શાળામાં રિશેષનો ઘંટ વાગે તરત જ વિદ્યાર્થીઓ નાસ્તા બોકસ લઇને બહાર મેદાનમાં નીકળી જાય. પુસ્તકાલય પણ આજ સમયે તેમની આતુરતા પૂર્વક રાહ જોતું લાગે પરંતુ તેની સામેથી પસાર થતા વિદ્યાર્થીઓ એ તરફ નજર પણ કરતા નથી. અપમાન... ઘોર અપમાન... પણ બિચારું પુસ્તકાલય પોતાની વ્યથા કોને કહે ? સમય પત્રકમાં તેની માટે સમય ફાળવેલ છે પણ ફક્ત નામ પૂરતું જ. રિશેષ પૂર્ણ થતા બધા વિદ્યાર્થીઓ વર્ગમાં... પછી ૫.૦૦ વાગે એટલે ઘરે. પુસ્તકાલય બોલાવે છે પણ વિદ્યાર્થીઓ જવા તૈયાર નથી.. કેમ ?

પુસ્તકાલય પણ શાળામાં દિનની શરૂઆતમાં વિદ્યાર્થીઓને હસતા ચહેરે આવકારે છે અને દુઃખી ચહેરા સાથે વિદાય આપે છે. શાળામાં વિદ્યાર્થીઓને કાંતો વાંચન ગમતું નથી અથવા સમય નથી પરંતુ આ બંનેના ઉત્તર વડીલો અને શિક્ષક પાસે છે. જો વિશેષ સમય ફાળવવામાં આવે તો આ પુસ્તકોમાં ટાંકેલા વડીલોના વિચારો, આપણો ભવ્ય સંસ્કૃતિનો વારસો વિદ્યાર્થી માનસ સુધી પહોંચે. આ પુસ્તક તમારી પ્રત્યેક જરૂરિયાતના સમયે તમારી પાસે જ છે. વડીલો હવે ઘરમાં રહ્યાં નથી તો તેમની ગેરહાજરી પૂરી કોણ કરશે? આ પુસ્તકોજ તો...

વિદ્યાર્થીઓ પુસ્તક વાંચનથી વિમુખ થયા છે.. રિસાયા છે.. કારણ શું ?કદાચ આપણી નંબરવનની દિશાહિન હરીફાઇ. બિચારા પુસ્તકાલયને આ સમજાતું નથી કે મારો વાંક શું છે? કયા વાંકની સજા મને આપવામાં આવે છે ? મારા વાચકો કયાં જતા રહ્યા ? હું જીવિત છું અને તમને જીવાડવાની ક્ષમતા પણ ધરાવું છું મને પણ તમારી વિરહની અસહય વેદના થાય છે. અહિંથી પસાર થતા પ્રત્યેકને કહું છું કે મારા વાચકોને કોઇ શોધી આપશો? પણ મારી વાતને સાંભળનાર કોઇ છે જ નહિ.

ધોરણ-૮ ના વર્ગમા પ્રોક્સિ તાસમાં મેં વિદ્યાર્થીઓને પૂછયું કે વાંચન કેટલાને ગમે છે? ઉત્તરમાં ખૂબજ નહિવત કહેવાય તેવા વિદ્યાર્થીઓએ હાથ ઊંચા કર્યા. કેટલાને વાંચન અપ્રિય લાગે છે? તો લગભગ સંપૂર્ણ વર્ગ કહી શકાય. તેટલી આંગળીઓ ઊંચી થઇ. એક શિક્ષક જીવ હોવાથી પ્રથમ તો આઘાત જ લાગ્યો. વર્ગ દરમ્યાન આ અંગે ચર્ચા ચાલી. એક વિદ્યાર્થી કહે મેડમ કયારે વાંચક્સ? આ ચોપડીઓ અભ્યાસની છે તે જ માંડ વંચાય છે. ટયૂશન હોમવર્કમાં જ સમય પૂર્ણ થઇ જાય છે. રમવા પણ મળતું નથી તો બીજું વાંચન કયારે કરીએ ? બીજો કહે મેડમ આતો શાળા પછીનો સમય ફોન અને રમતમાં જ પસાર કરે છે. શાળા અને શાળા બહાર વાંચનના અભિગમ જાણીને દુઃખ થયું.

હું પણ શાળા પૂર્ણ થતા તાલીમાર્થીઓ સાથે ઘરે જાઉં ત્યારે શાળાના પુસ્તકાલય તેમજ રસ્તામાં આવતા સાર્વજનિક પુસ્તકાલય વિશે વિચાર આવ્યા જ કરે છે કે તેઓને જો વાચા હોત તો તેઓ કદાચ આમ પોતાની વાત રજુ કરે કે મારી સામે એક સિનેમાઘર છે. જયાં ટિકિટ લેવા

લોકો પડાપડી કરે છે. એડવાન્સમાં ટિકિટ બુક કરાવે છે. અઢળક પૈસા ખર્ચે છે. પૂરા પરિવાર સાથે સમયસર આવી જ જાય છે. નાના મોટા સૌ આનંદ કરે છે આ જોઇ મને પણ એમ થાય કે તેમને અહિં બોલાવું... આમંત્રણ આપું. એકદમ નજીવા દરે અને એ પણ શકય ન હોય તો મફત કોઇ ખર્ચ નહિ. પરંતુ મારી સામે કોઇ જોતું જ નથી. મારી પાસે અસંખ્ય પુસ્તકો છે. જે તમને અવિરત આનંદ અર્પી શકે છે, હસાવી શકે છે, રડાવી શકે છે, કલાકો સુધી ચિંતન કરતા કરી મૂકે છે, ઉત્તર આપે છે, ૨૪ કલાક તમારી સાથે જ છે. પરંતુ આ આનંદ હવે કેમ કોઇને જોઇતો નથી? હવે તો મારા પુસ્તકો પણ મને ફરિયાદ કરે છે કે અમને શા માટે બનાવ્યા ? કોઇ અમારી સામે જોતું નથી. ધૂળ ચઢી જાય છે અને હવે તો અમે પડયા પડયા બીમાર થઇ રહયા છીએ. પછી કદાચ અકાળે મોત પણ આવી જાય અને પસ્તીવાળા મફતમાં લઇ જશે અને ફાડી નાખશે, ધૂળમાં મેળવી દેશે... અસહય વેદના થઇ રહી છે પણ કોને કહું? અરે અમે તો તમારા ફોનમાંય આવતા તૈયાર છીએ જો તમે આવકારો તો ઇ-બુક બનવા પણ તૈયાર છીએ... કંઇક આવું વિચારતાં પુસ્તકાલયને આપણે સૌ શિક્ષક મિત્રો સાથે મળી મદદ કરીએ તો કેવું ?

વિદ્યાર્થીઓ આપણા... પુસ્તકો આપણા... દેશ પણ આપણો જ છેને. તેને વધુ વૈભવશાળી, વિચારશીલ સૌ સંપીને બનાવીએ અને આપણા ભવ્યવારસાને બચાવીએ.

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनम् ।
विद्या भोगकरी यशस्सुखकरी विद्या गुरुणां गुरुः॥
विद्या बन्धुजनो विदेशगमने विद्या परा देवता ।
विद्या राजसु पूजिता न तु धनं विद्याविहीनः पशुः ॥

Knowledge is a special beauty for man. It is a hidden treasure. It gives one happiness, enjoymnet and fame. It is the teacher of great teachers. It is one's relative when he is in a foreign land. It is the God divine. It is knowledge that is worshipped by kings, and not money. One who is bereft of knowledge is a beast.

Neeti Shataka-18

**એડીઆઇટી એન્જિનિયરિંગ કૉલેજના એનપીટીઈએલના પ્રોજેક્ટની ફાળવણી**

એ ડી પટેલ એન્જિનિયરિંગ કોલેજ ન્યૂ વલ્લભ વિદ્યાનગરના પ્રોફેસર પરેશ આર મોઢા, ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગ અને પ્રો. સરિતા વિસાવલિઆ, ઇન્ફર્મેશન ટેકનોલોજી વિભાગ સંયુક્ત રીતે (ટેકનોલોજી ઉન્નત લર્નિંગ પર નેશનલ પ્રોગ્રામ) NPTEL (National Programme on Technology Enhanced Learning) સ્થાપના માટે આઈઆઈટી (IIT) મદ્રાસ પર સ્થાનિક પ્રકરણ, (Local Chapter) ન્યૂ વિદ્યાનગર પરવાનગી મળી છે. NPTEL એક દાયકા કરતાં વધુ એન્જિનિયરિંગ, માનવતા અને વિજ્ઞાન ઝરણાંઓને પાર કેટલાક સ્વ અભ્યાસ કોર્સ ઓફર કરવામાં આવી છે અને તે આઈઆઈટી અને IISc એક સંયુક્ત પહેલ છે.

NPTEL-સ્થાનિક પ્રકરણ પહેલ હમણાં શરૂ કરી દેવામાં આવી છે અને હવે તેઓ ઓનલાઇન અભ્યાસક્રમો (Self Learning Courses) અને વિવિધ વિષયો માં પ્રમાણપત્ર કાર્યક્રમ તક (Certificiation Program) આપે છે. ઓનલાઈન અભ્યાસક્રમો જોવા માટે, ડાઉનલોડ અને નકલ માટે બધા માટે સુલભ - તેઓ ઈ સાધનો (e-Content) વિનામૂલ્યે સામગ્રી છે, કે જે LAN પર શેર કરી શકાય છે. નીચેના લાભો NPTEL-સ્થાનિક પ્રકરણ સ્થાપના દ્વારા મેળવી હોઈ શકે છે.

- ફેકલ્ટી પ્રમાણપત્ર મેળવવા અને ઓનલાઇન પ્રમાણન કાર્યક્રમ માટે એક માર્ગદર્શક બની શકે છે
- જે વિદ્યાર્થીઓ,વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જવા માંગો છો ઓનલાઇન પ્રમાણપત્ર કોર્સ ક્રેડિટ મેળવી શકો છો.
- સહભાગીઓ દરમિયાન વિદ્યાર્થી - વિષયો પસંદ કરો વિષયો અને કૌશલ્ય ગુણવત્તા સૂચના અને શિક્ષણ પ્રાપ્ત તેમના રોજગાર સુધારવા અને તેમના જ્ઞાન આધાર વિસ્તૃત કરી શકો છો નવી ડોમેન્સ મળે છે.
- વિદ્યાર્થી એમએચઆરડી થી શિષ્યવૃત્તિ મેળવી શકો છે.
- કોલેજોમાં અભ્યાસક્રમો શીખવતા ફેકલ્ટી સભ્યો તેમના શિક્ષણ કુશળતા મેળ બેસાડી અને તેમના શિક્ષણ પુરવણી આ સામગ્રીનો ઉપયોગ કરી શકો છે.
- કોર્સ પ્રશિક્ષકો - વિદ્યાર્થી સમુદાય વિશાળ સ્પેક્ટ્રમ સાથે કનેક્ટ કરવા

॥ વિદ્યાવૃત્ત ॥

**જી.જે.પટેલ આયુર્વેદ કોલેજમાં ''આયુર્વેદ દ્વારા આત્યાયિક ચિકિત્સા''**

ન્યૂ વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત જી.જે.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા તાજેતરમાં કોલેજના આચાર્ય અને સુપ્રિટેન્ડેન્ટ ડો. મલ્હારી સર દેશપાન્ડેના માર્ગદર્શન હેઠળ આયુર્વેદ દ્વારા આત્યાયિક ચિકિત્સા વિષય પર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા મુખ્ય વકતા તરીકે વૈદ્ય નરેન્દ્ર એન. ગુજરાથી, જલગાંવ, અને વૈદ્ય ઉદય તલ્હાર જલગાંવ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કોલેજના આચાર્ય અને અને સુપ્રિટેન્ડેન્ટ ડો. મલ્હારી સર દેશપાન્ડેએ વક્તાનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું. ત્યાર બાદ કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. યોગેશ દેઓલેએ વકતાનો શાબ્દિક પરિચય આપ્યો હતો. વૈદ્ય નરેન્દ્ર એન. ગુજરાથીએ પોતાના વક્તવ્યમાં સ્વ અનુભવો રજૂ કરતાં જણાવ્યું હતું કે- આજના સમયમાં દર્દીઓ આયુર્વેદ ચિકિત્સા તરફ વળેલ છે ત્યારે વૈદ્યની જવાબદારી છે કે તેઓ મેડિકલ ઇમરજન્સીમાં પણ આયુર્વેદોકત આત્યાયિક ચિકિત્સા કરી સફળતા મેળવી શકે છે. આ માટે તેઓએ રકતયુક્ત ઉલટીઓથી પીડાતા દર્દીનું આઇ.સી.યુ. માં આયુર્વેદિક ચિકિત્સા કરીને રોગમુક્ત કરાયેલનું ઉદાહરણ રજૂ કર્યું હતું. આ ઉપરાંત તેઓના સાથી વૈદ્ય ઉદય તલ્હારે અગ્નિકર્મ દ્વારા વિવિધ રોગોનું નિવારણ કઇ રીતે કરી શકાય તે વિશે પોતાના અનુભવો રજૂ કર્યા હતા. વૈદ્ય નરેન્દ્ર એન. ગુજરાથીએ સ્વચાલિત બસ્તિયંત્ર તેમજ ધૂમપાનયંત્ર પર પેટેન્ટ મેળવેલ છે. તે યંત્રનું સર્વે વૈદ્યગણો સમક્ષ ડેમોસ્ટ્રેશન કરેલ હતું. તેમજ તેઓએ વિદ્યાર્થીઓ નજીકના ભવિષ્યમાં કોઇ પેટેન્ટ મેળવે તેવી આશા વ્યક્ત કરી, પેટેન્ટ મેળવવા માટેની માહિતી આપી હતી.

કાર્યક્રમના અંતે કોલેજના આચાર્ય સુપ્રિટેન્ડેન્ટ ડૉ. મલ્હારી સર દેશપાંન્ડેએ વકતાને મોમેન્ટો અને સર્ટિફિકેટ અર્પણ કર્યાં હતાં. ત્યાર બાદ તેઓએ વક્તાનો આભાર માનતાં જણાવ્યું હતું કે ભવિષ્યમાં પણ આ પ્રકારના સી.એમ.ઇ. નું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ, સર્વ શિક્ષણકગણ તેમજ એસ.જી. પટેલ આયુર્વેદ હોસ્પિટલના મેડિકલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. યોગેશ દેઓલેએ કર્યું હતું.

**સી.વી.એમ. હાયર સેકન્ડરી હોમસાયન્સનું ગૌરવ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સી.વી.એમ. હાયર સેકન્ડરી હોમસાયન્સની ધોરણ-૧૧ તથા ૧૨ની વિદ્યાર્થિનીઓ એમ.એસ.મિસ્ત્રી પ્રાથમિક શાળા વલ્લભ વિદ્યાનગર દ્વારા આયોજિત ''આંતર સ્કૂલ દેશભકિત અભિનય ગીત સ્પર્ધા '' માં શ્રેણી-૩ માં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ સ્પર્ધામાં શાળામાંથી કુલ-૮ વિદ્યાર્થિનીઓની ટીમે ભાગ લીધો હતો. જેમને તૃતીય સ્થાને વિજેતા જાહેર થતાં શાળાનાં આચાર્ય શ્રીમતી સૂચિતાબેન ખરાદી તથા સૌ શિક્ષકોએ વિજેતાઓને અભિનંદન આપ્યાં હતાં. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન શાળાના ફાઇન આર્ટસ ઇન્ચાર્જ શ્રીમતી આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટાફ મિત્રોએ જરૂરી સહકાર આપ્યો હતો.

**સી.વી.એમ. હાયર સેકન્ડરી, હોમ સાયન્સ, વલ્લભ વિદ્યાનગર ખાતે થયેલ ૭૦ મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી.**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સી.વી.એમ. હાયર સેકન્ડરી, હોમસાયન્સ ખાતે શાળાના પટાંગણમાં દેશના ૭૦ મા સ્વાતંત્ર્યદિનના પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં શાળાના ફાઇન આર્ટ્સ સેક્રેટરી તથા હોમ સાયન્સ કોલેજના જનરલ સેક્રેટરી દ્વારા શાળાના પટાંગણમાં ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું અને શાળા તથા કોલેજ સ્ટાફ તથા શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. ત્યારબાદ ઝંડાગીતનું ગાન થયું હતું. ત્યારબાદ શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દેશભક્તિના ગીતો આધારિત કાર્યક્રમ યોજાયો હતો. અંતમાં રાષ્ટ્રગીતના સમૂહગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઇ હતી અને સૌને મોં મીઠું કરાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં આચાર્યા શ્રીમતી સૂચિતાબેન ખરાદીના માર્ગદર્શન હેઠળ શાળાનાં સ્પોર્ટસ ઇન્ચાર્જ શ્રીમતી નિર્મળાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સૌ શાળા પરિવારે સાથ-સહકાર આપ્યો હતો. સાથે હોમ સાયન્સ કોલેજનાં આચાર્યા સહિત તેમનો સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો.

**વિદ્યાનગરની જીસેટ કોલેજને સતત ચોથી વખત 'શ્રી દેવાંગ મહેતા આઇટી એવોર્ડ'-૨૦૧૬-૨૦૧૭**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન સમગ્ર ગુજરાતભરની ઇજનેરી કોલેજોમાંથી એક માત્ર ચારુતર વિદ્યામંડળ સંચાલિત જી.એચ.પટેલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજીએ સતત ચાર વર્ષ

૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ચાલુ વર્ષે ૨૦૧૬-૧૭ નો ઇન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રનો સન્માનીય ''લેટ શ્રી દેવાંગ મહેતા આઇટી એવોર્ડ-૨૦૧૬' આ વર્ષે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીનાં ઇ.વાઇસ ચાન્સેલર શ્રીમતી ડૉ. રાજુલ ગજ્જરના હસ્તે મેળવેલ છે. કોલેજના કોમ્પ્યૂટર એન્જિનિયરીંગ શાખામાં ભણતા બે વિદ્યાર્થીઓ શ્રી જીગર માંગુકિયા અને વિશ્વા ગાંધીએ આ પ્રોજેકટ અંતર્ગત બીજા પર આધારિત અપંગ અને અંધ દર્દીને મદદ કરવા માટે EYE WRITER નામનું મશીન બનાવ્યું કે જેમાં ચશ્મા ઉપર એક કેમેરો ફિટ કરવામાં આવે છે અને એ કેમેરાને કમ્પ્યુટર સાથે જોડી દઇ દર્દી આંખની મુવમેન્ટ દ્વારા કમ્પ્યુટરની સ્ક્રીન ઉપર પોતાની ઇચ્છા ટાઇપ કરી શકે છે. આ રીતે બીજા ઉપર આધારિત રહેલી વ્યકિત પોતાની જરૂરિયાતો અંગે બીજાને માહિતગાર કરી શકે છે. આ પ્રકારના મશીન બજારમાં ઉપલબ્ધ છે. પણ આ વિદ્યાર્થીઓએ આ મશીન માત્ર ૩ થી ૪ હજારની કિંમતમાં તૈયાર કરી બતાવ્યું છે જે તેની સૌથી મોટી ખાસિયત છે

આ સમગ્ર પ્રોજેકટનું માર્ગદર્શન કોમ્પ્યુટર એન્જિનિયરીંગ શાખાના વિભાગીય વડા ડો. મૌલિક એસ.પટેલના સાતત્ય સભર માર્ગદર્શન અને મહત્ત્વના સૂચનો પ્રાપ્ત થયાં હતાં. આમ આ એવોર્ડ અંતર્ગત વિજેતા થવા બદલ રૂા. એક લાખનું રોકડ ઇનામ પણ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયું હતું.

આ સાથે કોલેજના આચાર્ય ડૉ. હિમાંશુ સોનીએ વિદ્યાર્થીઓ અને વિભાગીય વડા ડૉ.મૌલિકા પટેલને અભિનંદન પાઠવ્યા હતા અને ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડો.સી.એલ.પટેલ સાહેબે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વધુને વધુ આવા સંશોધનો થાય તે માટે જરૂરી પાયાની સુવિધા અને યાંત્રિકી સગવડો પૂરી પાડવાની ખેવના સાથે માનવસમાજને તેનો લાભ મળતો રહે તે માટે યોગ્ય માર્ગદર્શન સાથે આશીર્વાદ આપ્યા હતા.

**એસ.ડી. દેસાઇ હાઇસ્કૂલ- વિદ્યાનગર**

આણંદ તાલુકાની તાલુકા કક્ષાની અંડર-૧૭ ખો-ખો સ્પર્ધા તાજેતરમાં રમત-ગમત સંકુલ રામપુરા ખાતે યોજાઇ હતી. ૧૪ ટીમોએ તેમાં ભાગ લીધો હતો. જે પૈકી એસ.ડી. દેસાઇ હાઇસ્કૂલ- વિદ્યાનગરની ભાઇઓની ટીમ વિજેતા બની ચેમ્પિયન થઇ હતી. ટીમના આઠ વિદ્યાર્થીઓ જિલ્લાકક્ષાએ રમવા જશે. વ્યાયામ શિક્ષક નીતિન વી. પટેલે તાલીમ-માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય ડો. દીપકભાઇ પટેલે સૌને અભિનંદન પાઠવી શુભેચ્છા વ્યકત કરી હતી.

**ક્રોસ કંટ્રોલ રેસમાં દ્વિતીય વિજેતાપદ મેળવતી એન.વી. પટેલ સાયન્સ કૉલેજની વિદ્યાર્થિનીઓ**



ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ સાયન્સ કૉલેજની વિદ્યાર્થિનીઓએ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજીત ક્રોસ કન્ટ્રી રેસમાં દ્વિતીય વિજેતાપદ હાંસલ કરીને કૉલેજનું ગૌરવ વધારેલ છે. છ કિલોમીટર લાંબી આ કન્ટ્રી રેસમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગો તથા કૉલેજોની કુલ ૨૩ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ. જેમાંથી એન.વી. પટેલ સાયન્સ કૉલેજની કુલ પાંચ વિદ્યાર્થિનીઓએ મહત્તમ પોઇન્ટ મેળવીને દ્વિતીય વિજેતાપદ હાંસલ કરેલ.

આ પ્રસંગે કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. બાસુદેબ બક્ષીએ વિજેતા વિદ્યાર્થીઓ સર્વે હિનલ પટેલ (કેપ્ટન), ધુશા, પ્રીન્સી, શ્વેતા તથા હિનાને અભિનંદન આપ્યા હતા. સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન કૉલેજના સ્પોટ્ર્સ વિભાગના સલાહકાર પ્રાધ્યાપકો સર્વે શ્રી ધર્મેશ પટેલ તથા ડૉ. કેતુલ પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ. તથા વિભાગના વિદ્યાર્થી સેક્રેટરી સતપાલ બારિયા તથા હિનલ પટેલે વિદ્યાર્થીનીઓનું મનોબળ વધાર્યું હતું.

**લાયન્સ કલબ આયોજિત સમૂહ ચર્ચાની સ્પર્ધામાં ઇલસાસ કૉલેજની ચાંદની શર્મા ચેમ્પિયન**

બાવીસ કૉલેજો, ૬૩ થી વધુ સ્પર્ધકો, નવ પ્રભાવી નિર્ણાયકો, ત્રણ-ત્રણ રસાકસીપૂર્ણ રાઉન્ડસ અને અંતિમ રાઉન્ડમાં ''ઇન્ડિયન ઇન ઇન્ડિયા વર્સસ ઇન્ડિયા આઉટ સાઇડ ઇન્ડિયાઃ વ્હોટ શાઇન્સ બૅટર'' જેવો મજેદાર વિષય. લાયન્સ કલબ, આણંદ દ્વારા આયોજિત આ પ્રકારની જબરદસ્ત સ્પર્ધા હોય અને ચારુતર વિદ્યામંડળ

સંચાલિત ઇલસાસ કૉલેજની પ્રભાવશાળી હાજરી ન હોય તેવું બને ખરું, ના કદાપિ નહીં.

તા. ૬ સપ્ટેમ્બર, મંગળવારના રોજ આણંદના નવા બસસ્ટેશન પાસેના બેઠક મંદિર ખાતે યોજાયેલી સમૂહચર્ચા (ગ્રુપ ડિસ્કશન)ની ઉક્ત સ્પર્ધામાં ઇલસાસ કૉલેજની માત્ર હાજરી જ નહીં, પ્રભાવક હાજરી હતી- એટલું જ નહીં, ઇલસાસની તૃતીય વર્ષ પત્રકારત્વ વિષયની વિદ્યાર્થિની ચાંદની શર્મા ૬૩ સ્પર્ધકોને હરાવીને ચેમ્પિયન બની.

ચાંદની શર્માની પ્રભાવશાળી વકૃત્વશૈલી, ધારદાર અને તાર્કિક દલીલો અને સમગ્રતયા ઉત્તમ પ્રદર્શને તમામ નવ તજજ્ઞ નિર્ણાયકોને ખૂબ જ પ્રભાવિત કર્યા હતા. શ્રીશ્રી રવિશંકર હાઇસ્કૂલ ખાતે પ્રથમ રાઉન્ડની કશ્મકશ બાદ, બીજા-ત્રીજા રાઉન્ડમાં ચાંદની શર્મા બાજી મારી ગઇ હતી.

ચાંદની શર્માના આ વિજયને પ્રિન્સિપાલ ડૉ. સન્ની થૉમસ અને સમગ્ર કૉલેજ પરિવારે વધાવ્યો હતો. આ સ્પર્ધાના સંકલનકર્તા અધ્યાપકની ભૂમિકા પ્રા. પ્રતિક દલવાડીએ અદા કરી હતી.

**શાંતાબેન ધર્મસિંહ દેસાઇ હાઇસ્કુલમાં સ્વયં શિક્ષણ દિનની ઉજવણી**

ચા.વિ. મં.સંચાલિત એસ.ડી. દેસાઇ હાઇસ્કૂલ, વિદ્યાનગર ખાતે તાજેતરમાં સ્વયં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી જેમાં માધ્યમિકના ૩૭ અને પ્રાથમિકના ૧૨ મળી કુલ ૪૯ વિદ્યાર્થી ભાઇ-બહેનો એ શિક્ષક તરીકે કાર્ય કર્યું હતું. પ્રેમ કનોજીયા ધો-૧૦ ખ એ આચાર્ય તરીકે તથા જયદીપ હરિજન ધો-૧૦ ક એ સુપરવાઇઝરની ધૂરા સંભાળી હતી.

શૈક્ષણિક કાર્ય બાદ પ્રાર્થનાખંડમાં કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થી શિક્ષકો એ પ્રતિભાવો આપી અનુભવો રજૂ કર્યા હતા. કન્વીનર શ્રી ભગવાનભાઇ પટેલે માર્ગદર્શન આપ્યું હતું. સુપરવાઇઝર એસ.કે. ઉપાધ્યાયે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. આચાર્ય ડૉ.દિપકભાઇ પટેલે અભિનંદન પાઠવી સંતોષ વ્યક્ત કર્યો હતો. પૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણનને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. દિવસ દરમ્યાન વિદ્યાર્થી ભાઇ-બહેનોએ આનંદપૂર્વક કામગીરી સંભાળી હતી.

**ગો.જો. શારદામંદિર, વલ્લભ વિદ્યાનગરમાં યોજાયેલ શિક્ષક દિન-તજજ્ઞ વક્તવ્ય**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદામંદિર વલ્લભ વિદ્યાનગરમાં સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં ૨૩ વિદ્યાર્થિનીઓએ શિક્ષક બનીને વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરાવ્યું હતું. જેમાં આચાર્યા તરીકે વૃતાંશી પટેલ તથા સુપરવાઇઝર તરીકે માનસી પટેલે ફરજ બજાવી હતી. પાંચ તાસ શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું. શિક્ષણકાર્યના અંતે વન મિનિટ ગેમ જેવી સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. અદિતી દવેએ વિદ્યાર્થી તરીકે અને રુપલ ગોહિલે શિક્ષક તરીકેના પોતાના પ્રતિભાવો જણાવ્યા હતા. અંતે પર્લ મહેતા, રુપલ ગોહિલ તથા ખ્યાતિ ઠક્કરને બેસ્ટ શિક્ષક જાહેર કરાયા હતા.

બીજા દિવસે આ સંદર્ભે તજજ્ઞ તરીકે ડૉ. પિનાકિન યાજ્ઞિક સાહેબનું પ્રવચન યોજવામાં આવ્યું હતું. જેમાં ડૉ. પિનાકિન યાજ્ઞિકે પોતાના પ્રવચનમાં વિદ્યાર્થિનીઓને 'સક્સેસ' શબ્દનો અર્થ જણાવી ધ્યેય સાથે આગળ વધો, ટકવું હોય તો અટકવું નહિ તેમ જણાવ્યું હતું. આ પહેલા પ્રજ્ઞાચક્ષુ ક્રિશ્ના જોશીએ મહેમાનનો શાબ્દિક પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધો-૧૦ની વિદ્યાર્થીની પર્લ મહેતાએ કર્યું હતું. કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યા રીટાબેન પટેલ તથા બિપીન પરમારે કર્યું હતું.

**Unveiling of booklets for community in S.M.Patel College of Home Science.**

S.M.Patel College of Home Sicence ( Charutar Vidya Mandal Insitute) unveiled the booklets for women and adolescent girls by charutar Ralin Dr. C.L.Patel Chairman Charutar Vidya Mandal and Dr. S.G. Patel, Secretary CVM.

Six booklets on various topics like women and health, family resources and management, self defense, Advice and guidence for adolescent, Beauty products and laundering agents and satvik Aahar were published with ISBN No under CPE grant. The chief editor for the booklets was Ms. Rekha Emanuel Ex. Principal and convenors for the same were Ms. Bhavana Chauhan and Mr. Sashma Batra. Dr. C.L. Patel sir gave the blessings and encouragement to publish such booklets for the welfare of the soiety.

## ॥ સૂચના ॥

૧. ‘વિ-વિદ્યાનગર’ વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફતી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ।માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. ‘વિ-વિદ્યાનગર’ દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ **‘ચારુતર વિદ્યામંડળ’**ના નામે મોકલવું.

૭. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૮. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ

**ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર**

ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com

લવાજમઃ **વાર્ષિક** : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન :** ₹ ૧૫૦૦

**વિદેશમાં** : ૨૫ $ અથવા ૧૫ **£** આજીવન ૧૦૦ $ અથવા ૭૦ **£**

**છૂટક નકલની કિંમતઃ** ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦





ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા વિદ્યાપુરુષ ડૉ.સી.એલ. પટેલને  કલાપ્રતિષ્ઠાનના દશાબ્દી વર્ષ નિમિત્તે વિદ્યારત્ન ઍવોર્ડ અર્પણ કરતા શ્રી રમણીક ઝાપડીયા સાથે ચારુતર વિદ્યામંડળના માનદ્‌મંત્રીશ્રી એસ.જી. પટેલ, શ્રી જયંત પરીખ, ચિત્રકાર કનુ પટેલ અને સમગ્ર ટીમ.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.એમ. પટેલ હોમસાયન્સ કૉલેજ દ્વારા પ્રકાશીત પુસ્તિકાઓનું વિમોચન કરતા ચારુતર વિદ્યામંડળનાં અધ્યક્ષશ્રી ડૉ.સી.એલ. પટેલ તથા માનદ્ મંત્રીશ્રી એસ.જી. પટેલ સાહેબ સાથે સંસ્થાના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભાવનાબેન ચૌહાણ, સુષ્મા બત્રા, શ્રીમતી શારદા જોષી તથા અધ્યાપકગણ દૃશ્યમાન થાય છે.

V-Vidyanagar 18 (10) October 2016 Postal Regd. No. AND/318/2015-17
Published on Saturday, 24.09.2016 No. of Pages 36 Including Cover RNI Regd. No. Guj/2009-11/5433
ISSN 0976 – 9609 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month



Editor: Dr. Urvish Chhaya Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)